dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-54 | AD - 2025, Magshar Sud -07 | Thursday, Dt.27-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**પીએમ મોદીએ કહ્યુ કે,ભારતીય બંધારણની શક્તિએ મારા જેવા ગરીબ પરિવારમાંથી આવતા સામાન્ય વ્યક્તિને પ્રધાનમંત્રી પદ સુધી પહોંચાડ્યો**

## આપણું બંધારણ એક પવિત્ર દસ્તાવેજ છે, જે રાષ્ટ્રના વિકાસ માટે સાચા માર્ગદર્શક તરીકે સેવા આપે છે : મોદી

નવીદિલ્હી,તા.૨૬

૨૬ નવેમ્બર ભારતના લોકશાહી ઈતિહાસમાં સૌથી મહત્વપૂર્ણ તારીખોમાંની એક છે. કારણ કે ભારતીય પ્રજાસત્તાકે આ દિવસે તેનું બંધારણ અપનાવ્યું હતું. આ ખાસ પ્રસંગે, પીએમ મોદીએ તેમના દેશવાસીઓને એક પત્ર લખ્યો, જેમાં ભારતના બંધારણની મહાનતા, આપણા જીવનમાં મૂળભૂત ફરજોનું મહત્વ અને પહેલી વાર મતદાતાઓએ તેની ઉજવણી શા માટે કરવી જોઈએ તે સમજાવ્યું.

પીએમ મોદીએ એકસ પર પોસ્ટ કર્યું, "બંધારણ દિવસ પર, મેં દેશભરના મારા પરિવારના સભ્યોને એક પત્ર લખ્યો છે. તેમાં, મેં ઘણા વિષયો પર મારા વિચારો શેર કર્યા છે, જેમાં આપણા બંધારણની મહાનતા, જીવનમાં મૂળભૂત ફરજોનું મહત્વ અને આપણે પહેલી વાર મતદાતા બનવાની ઉજવણી શા માટે કરવી જોઈએ તે જણાવ્યું છે."

આ પોસ્ટ સાથે, પીએમ મોદીએ તેમના પત્રની લિંક પણ શેર કરી, જેમાં તેમણે લખ્યું, "૨૬ નવેમ્બર દરેક ભારતીય માટે ખૂબ જ ગર્વનો દિવસ છે. ૧૯૪૯ માં આ દિવસે, બંધારણ સભાએ ભારતના બંધારણને અપનાવ્યું." તેથી, એક દાયકા પહેલા, ૨૦૧૫ માં, એનડીએ સરકારે ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું. આપણું બંધારણ એક પવિત્ર દસ્તાવેજ છે જે રાષ્ટ્રના વિકાસ માટે સતત સાચા માર્ગદર્શક તરીકે સેવા આપી રહ્યું છે. ભારતીય બંધારણની શક્તિએ મારા જેવા ગરીબ પરિવારમાંથી આવતા સામાન્ય



વ્યક્તિને પ્રધાનમંત્રી પદ સુધી પહોંચાડ્યો છે. બંધારણના કારણે જ મને ૨૪ વર્ષ સુધી સરકારના વડા તરીકે સેવા આપવાની તક મળી છે. મને યાદ છે કે, ૨૦૧૪ માં, જ્યારે હું પહેલીવાર સંસદ ભવનમાં પ્રવેશ્યો હતો, ત્યારે મેં સીડી પર માથું નમાવ્યું હતું અને લોકશાહીના સૌથી મોટા મંદિરને પુષ્પાંજલિ આપી હતી. ૨૦૧૯ માં, જ્યારે હું ચૂંટણી પરિણામો પછી સંસદના સેન્ટ્રલ હોલમાં પ્રવેશ્યો હતો, ત્યારે મેં સહજ રીતે બંધારણ પર માથું મૂક્યું હતું. પોતાના પત્રમાં પીએમ મોદીએ એમ પણ લખ્યું, "આપણા બંધારણનો અનુચ્છેદ ૫૧A મૂળભૂત ફરજોને સમર્પિત છે. આ ફરજો આપણને સામાજિક અને આર્થિક પ્રગતિ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે છે. મહાત્મા ગાંધી હંમેશા નાગરિકોની ફરજો પર ભાર મૂકતા હતા. તેઓ માનતા હતા કે જ્યારે આપણે આપણી ફરજો પ્રામાણિકપણે નિભાવીએ છીએ, ત્યારે આપણા અધિકારો આપમેળે આપણને પ્રાપ્ત થાય છે. આપણે રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની આપણી ફરજો પૂર્ણ કરવી જોઈએ. પીએમ મોદીએ લખ્યું, "સંવિધાને આપણને મતદાનનો અધિકાર આપ્યો છે. નાગરિક તરીકે, આપણું કર્તવ્ય છે કે મતદાન કરવાની કોઈ પણ તક ગુમાવવી નહીં." ૨૬ નવેમ્બરના રોજ, આપણે ૧૮ વર્ષના યુવાનો માટે શાળાઓ અને કોલેજોમાં ખાસ સન્માન સમારોહનું આયોજન કરવું જોઈએ. આપણે તેમને એવો અનુભવ કરાવવો જોઈએ કે તેઓ હવે ફક્ત વિદ્યાર્થીઓ નથી, પરંતુ નીતિ નિર્માણ પ્રક્રિયામાં સક્રિય સહભાગી છે. શાળાઓએ દર વર્ષે ૨૬ નવેમ્બરના રોજ પ્રથમ વખત મત આપનારા મતદારોનું સન્માન કરવાની પરંપરા વિકસાવવી જોઈએ. જ્યારે આપણે આ રીતે યુવાનોમાં જવાબદારી અને ગર્વની ભાવના જગાડીશું, ત્યારે તેઓ જીવનભર લોકશાહીના મૂલ્યો પ્રત્યે સમર્પિત રહેશે. આ સમર્પણ એક મજબૂત રાષ્ટ્રનો પાયો બનાવે છે.

## અમદાવાદ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારાના પરિવારોને રૂા.૨૫ લાખનું વચગાળાનું વળતર મળ્યું

નવીદિલ્હી,તા.૨૬

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા ૯૫% પરિવારોને વળતર મળ્યું છે. એર ઈન્ડિયાના ચીફ કેમ્પબેલ વિલ્સને આ જાહેરાત કરી. તેમણે જણાવ્યું હતું કે અસરગ્રસ્ત પરિવારોને ૨૫ લાખનું વચગાળાનું વળતર આપવામાં આવ્યું છે.

આ દરમિયાન, ટાટા ગ્રુપના એઆઈ-૧૭૧ મેમોરિયલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ તરફથી ૭૦ પરિવારોને ૧ કરોડની એક્સ-ગ્રેશિયા ચુકવણી કરવામાં આવી



છે. ૫૦ પરિવારો માટે ચૂકવણી પ્રક્રિયા હેઠળ છે, બાકીના દસ્તાવેજો બાકી છે. ૧૨ જૂનના રોજ, અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ AI ૧૭૧ ટેકઓફ પછી તરત જ મેડિકલ હોસ્ટેલની ઈમારત સાથે અથડાઈ હતી. ૨૪૧ મુસાફરો અને ક્રૂ સહિત ૨૭૦ લોકો માર્યા ગયા હતા. આ અકસ્માતમાં ફક્ત એક જ મુસાફર બચી ગયો હતો. અગાઉ, ૩ જુલાઈના રોજ, પીડિતોના પરિવારોનું પ્રતિનિધિત્વ કરતી બ્રિટિશ કાયદાકીય પેઢી, સ્ટુઅર્ટ્સે એર ઈન્ડિયા પર વળતર ચૂકવવાનો આરોપ લગાવ્યો હતો. સ્ટુઅર્ટ્સ ૪૦ થી વધુ પરિવારોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. વકીલ પીટર નીનને, જણાવ્યું હતું કે એર ઈન્ડિયાએ વળતર આપતા પહેલા પરિવારો પાસેથી કાયદેસર રીતે સંવેદનશીલ નાણાકીય માહિતી માંગી હતી, જે તેમના અધિકારોને ઘટાડી શકે છે. જોકે, એર ઈન્ડિયાએ આરોપોને નકારી કાઢ્યા છે.

## સુપ્રીમ કોર્ટે એસઆઈઆર અંગે સુનાવણી કરી, ચૂંટણી પંચને ૧ ડિસેમ્બર સુધીમાં જવાબ આપવા આદેશ

નવીદિલ્હી,તા.૨૬

સુપ્રીમ કોર્ટે તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી અને બિહારમાં ચાલી રહેલા એસઆઈઆરને પડકારતી તમામ અરજીઓ પર સંયુક્ત સુનાવણી હાથ ધરી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે ચૂંટણી પંચને ૧ ડિસેમ્બર સુધીમાં પોતાનો જવાબ દાખલ કરવાનો કડક નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચે ૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં તમામ રાજ્ય એસઆઈઆર કેસોમાં પોતાનો જવાબ દાખલ કરવાનો રહેશે. કેરળ કેસમાં આગામી



સુનાવણી ૨ ડિસેમ્બરે થશે. અન્ય તમામ કેસોની સુનાવણી ૯ ડિસેમ્બરે થશે. પશ્ચિમ બંગાળ બીએલઓ મૃત્યુ કેસમાં પણ ૧ ડિસેમ્બર સુધીમાં જવાબ માંગવામાં આવ્યો છે.

મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે તમિલનાડુ એસઆઈઆર કેસની સુનાવણી સોમવારે થશે. કેરળની અરજીમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને કારણે એસઆઈઆર મુલતવી રાખવાની માંગ કરવામાં આવી છે. વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ જણાવ્યું હતું કે આ અરજી મદ્રાસ હાઈકોર્ટમાં પહેલાથી જ દાખલ કરવામાં આવી છે. કોર્ટે કેરળ માટે અલગ સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે. દરમિયાન, પશ્ચિમ બંગાળના અરજદારના વકીલે દાવો કર્યો હતો કે એસઆઈઆર દરમિયાન ૨૩ બૂથ લેવલ ઓફિસર્સનું મૃત્યુ થયું હતું. કોર્ટે આ ગંભીર આરોપ પર ૧ ડિસેમ્બર સુધીમાં પશ્ચિમ બંગાળ રાજ્ય ચૂંટણી કાર્યાલય પાસેથી જવાબ પણ માંગ્યો છે. ચૂંટણી પંચના વકીલે એમ પણ કહ્યું કે રાજકીય પક્ષો જાણી જોઈને ભય અને ગભરાટ ફેલાવી રહ્યા છે. તેમણે કહ્યું, "આ તમારા (ચૂંટણી પંચના) પોતાના નિર્દેશો છે. તમે ૫૦ ફોર્મની મર્યાદા લાદી છે. આ કોઈ રાજકીય પક્ષ કે નેતાનો મુદ્દો નથી." બધા પક્ષોને સાંભળ્યા પછી, કોર્ટે સ્પષ્ટ કર્યું કે પ્રક્રિયામાં કોઈ અરાજકતા ન હોવી જોઈએ અને સમયસર પ્રતિભાવ આપવો જરૂરી છે.

## પાકિસ્તાનની જેલમાં બંધ ઈમરાન ખાનની હત્યાની ચર્ચા!

ઈસ્લામાબાદ,તા.૨૬

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અંગે પાકિસ્તાનમાં અનેક અફવાઓ ચાલી રહી છે. પાકિસ્તાનમાં એવી અફવાઓએ વેગ પકડ્યો છે કે, જેલમાં તેમનું સ્વાસ્થ્ય ઠીક નથી. તો બીજી તરફ પાકિસ્તાનના રાવલપિંડી જેલમાં કેદ ઈમરાન ખાનની હત્યા અંગેની ચર્ચાઓ ઈસ્લામાબાદથી કાબુલ સુધી તેજ બની છે. ઈમરાન ખાનની ત્રણ બહેનોને ૩ અઠવાડિયાથી અદિયાલા



જેલમાં ઈમરાન ખાનને મળવા નથી દીધી. ઈમરાન ખાનની બહેનોએ પાકિસ્તાનના પંજાબ પ્રાંતના IGને ફરિયાદ કરી છે. કોર્ટની પરવાનગી હોવા છતાં રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ ઈમરાન ખાનને તેની ત્રણ બહેનો અને વકીલોને મળવા નથી દેતા. તેમની બહેનો તેમને છેલ્લે મળી હતી તેના ત્રણ અઠવાડિયા વીતી ગયા છે. બહેનોનો આરોપ છે કે ઈમરાન ખાનનું ઠેકાણું અને તેમના સ્વાસ્થ્ય વિશે કોઈ ઓફિશિયલ જાણકારી નથી. ઈમરાનની બહેન નૌરીને અદિયાલા જેલની બહાર પ્રદર્શનકારીઓ પર 'ક્રૂર હુમલા' અંગે પંજાબ પ્રાંતના IGને ઔપચારિક ફરિયાદ આપી છે. અફઘાનિસ્તાની મીડિયામાં ઈમરાન ખાન અંગે અનેક વાતો કહેવામાં આવી રહી છે અને પાકિસ્તાન સરકાર પર આરોપ લગાવવામાં આવી રહ્યો છે. પીટીઆઈના સમર્થકોનું કહેવું છે કે, જો ઈમરાન ખાન સ્વસ્થ છે તો તેમની બહેનોને કેમ તેમની સાથે મળવા નથી દેતા. જ્યારે ઈમરાન ખાન સાથે મુલાકાતનો આદેશ કોર્ટે આપ્યો છે. એક અહેવાલ પ્રમાણે કોર્ટમાંથી નીકળતી વખતે ઈમરાન ખાનની બહેન અલીમા ખાનને કસ્ટડીમાં લેવામાં આવી હતી. પીટીઆઈના ફાઉન્ડર ઈમરાન ખાનની બહેન નૌરીન નિયાઝીએ ગત અઠવાડિયે રાવલપિંડીની આદિયાલા જેલની બહાર પીટીઆઈના પ્રદર્શનકારીઓ પર થયેલા 'ક્રૂર હુમલા' વિરુદ્ધ પંજાબ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ ડૉ. ઉસ્માન અનવરને ઔપચારિક ફરિયાદ આપી છે.











## કર્ણાટકમાં મુખ્યમંત્રીની ખુરશી માટે ખેંચતાણ, ડી.કે. શિવકુમારને ટેકો આપનાર ધારાસભ્યોના દિલ્હીમાં ધામા

બેંગ્લુરૂ,તા.૨૬

કર્ણાટકમાં રાજકીય તણાવ ચાલુ છે. નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારને ટેકો આપતા ધારાસભ્યોએ દિલ્હીમાં ધામા નાખ્યા હોવાના અહેવાલ છે. એક ધારાસભ્યે હવે દાવો કર્યો છે કે શિવકુમાર ટૂંક સમયમાં મુખ્યમંત્રી બનશે. જોકે, મંગળવારે, ધારાસભ્યોએ એમ પણ કહ્યું કે પાર્ટી નેતૃત્વ અંતિમ નિર્ણય લેશે. ૨૦૨૩ માં શિવકુમાર અને વર્તમાન મુખ્યમંત્રી સિદ્ધારમૈયા વચ્ચે અણબનાવ બાદ સીએમની ખુરશીની ખેંચતાણ ચાલુ છે.

રામનગરના ધારાસભ્ય ઈકબાલ હુસૈને કહ્યું કે દરેક વ્યક્તિ હાઈકમાન્ડના નિર્ણયનું પાલન કરશે અને શિવકુમારના પ્રમોશનમાં વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, "હું હંમેશા તે નિવેદન પર અડગ છું... ૨૦૦ ટકા તેઓ ટૂંક સમયમાં મુખ્યમંત્રી બનશે. હાઈકમાન્ડ નિર્ણય લેશે. શિવકુમારને મુખ્યમંત્રી બનાવવાની માંગ અંગે તેમણે કહ્યું કે પાર્ટી નેતૃત્વ નિર્ણય લેશે અને દરેક તેનું પાલન કરશે.




# અમરેલીના કેરાળા ગામમાં પૂર સંરક્ષણ દિવાલ મંજૂર કરાવતા કૌશિક વેકરીયા

**રાજ્યમંત્રીની રજૂઆતથી સંરક્ષણ દિવાલ મંજૂર થતા ગ્રામજનોમાં આનંદ**



અમરેલી,તા.૨૬

અમરેલીના ધારાસભ્ય અને રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાની રજૂઆતને પગલે, તેમના મતવિસ્તારના અમરેલી તાલુકાના કેરાળા ગામે પૂરના પાણીથી થતું નુકસાન અટકાવવા માટે પૂર સંરક્ષણ દિવાલનું કામ તાત્કાલિક ધોરણે મંજૂર કરવામાં આવ્યું છે. રાજ્યના જળ સંપત્તિ વિભાગ દ્વારા આ કામગીરી માટે રૂપિયા ૨.૪૯ કરોડનો ખર્ચ મંજૂર કરાયો છે. આ કામગીરી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ, આ દિવાલનું કામ થવાથી આગામી સમયમાં વિસ્તારની પ્રજાને પૂરના પાણીની મુશ્કેલીમાંથી મોટી રાહત મળશે અને નુકસાન અટકશે.

# સાવરકુંડલામાં પ્રતિબંધ છતાં ભારે વાહનોનો પ્રવેશ

સાવરકુંડલા,તા.૨૬



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા શહેરમાં હાલ ચાલી રહેલા ઓવરબ્રિજના કામને કારણે મોટા વાહનો અને ટ્રકોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં, આ નિયમોનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે. બાયપાસની સુવિધા ઉપલબ્ધ હોવા છતાં, ભારે વાહનો નાળા નીચેથી શહેરમાં પ્રવેશી રહ્યા છે, જેના કારણે ટ્રાફિક જામની સમસ્યા વિકટ બની છે અને સામાન્ય નાગરિકોની હાલત કફોડી થઈ ગઈ છે. શહેરના મુખ્ય માર્ગો પર સવાર અને સાંજના સમયે વાહનોની લાંબી કતારો જોવા મળે છે. ઓવરબ્રિજના નિર્માણ વચ્ચે મોટા વાહનોના અનધિકૃત પ્રવેશને લીધે શાળાએ જતા બાળકો, ઓફિસ જતા કર્મચારીઓ અને વેપારીઓને કલાકો સુધી અટવાઈ રહેવું પડે છે. સ્થાનિક નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે અને તેઓ સવાલ ઉઠાવી રહ્યા છે કે, "અમે કલાકો સુધી અટવાઈને કંટાળી ગયા છીએ, પરંતુ તંત્ર ક્યારે જાગશે?" જાહેરનામા માત્ર કાગળ પર જ હોય તેવો ઘાટ સર્જાયો છે. સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ વિભાગને અનેક રજૂઆતો કરવા છતાં નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. નાગરિકો અને વેપારી મંડળોએ માંગ કરી છે કે, ઓવરબ્રિજનું કામ પૂર્ણ થાય ત્યાં સુધી બાયપાસનો ફરજિયાત ઉપયોગ સુનિશ્ચિત કરવામાં આવે અને નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી અકસ્માતોનું જોખમ ટાળી શકાય.

**વહિવટી તંત્ર અને પોલીસને રજૂઆત કરવા છતાં ટ્રાફિક જામની સમસ્યામાં કોઈ રાહત નહીં**

# લાઠીમાં નવા સ્ટ્રીટ લાઈટ પોલ નાખવાની કામગીરીમાં ગેરરીતિની રાવ

**ચીફ ઓફિસરને લેખિત ફરિયાદ**

લાઠી, તા.૨૬

લાઠી શહેરમાં સમગ્ર વિસ્તારમાં ચાલી રહેલ અંડર ગ્રાઉન્ડ નવા સ્ટ્રીટ લાઈટના પોલ નાખવાની કામગીરીમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરરીતિ થઈ રહી હોવાની ગંભીર ફરિયાદ લાઠી નગરપાલિકાના ચીફ ઓફિસરને કરવામાં આવી છે. લાઠીના લુવારિયા દરવાજા પાસે આવેલ વણકરવાસમાં રહેતા અરજદાર દિનેશભાઈ દલાભાઈ સેજુ અને મનજીભાઈ નારણભાઈ ગોહિલે કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, શહેરમાં નાખવામાં આવેલા નવા સ્ટ્રીટ લાઈટના પોલ અત્યંત હળવા વજનના છે અને તેની ગુણવત્તા ધારાધોરણ મુજબની નથી. વધુમાં, પોલના પાયામાં નિયમ મુજબ સિમેન્ટ, કાંકરી કે રેતીનો ઉપયોગ કરવામાં આવ્યો નથી તેમજ પી.સી.સી. (PCC) કામ પણ કરેલ નથી. આ ઉપરાંત, પોલને નિયત ઊંડાઈ મુજબ ઉભા કરવામાં આવ્યા ન હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. અરજદારોએ આક્ષેપ કર્યો છે કે, આ અંગે અગાઉ સત્તાધીશો અને પદાધિકારીઓને રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ આવ્યું નથી અને હાલમાં પણ નબળું કામ ચાલી રહ્યું છે. નગરપાલિકામાં અધિકારીઓ અને પદાધિકારીઓની મિલીભગતથી ભ્રષ્ટાચાર થતો હોવાનો અને વિરોધ કરનારને હેરાન કરવાની ધમકીઓ મળતી હોવાનો પણ અરજીમાં ઉલ્લેખ છે. અરજદારોએ ચીફ ઓફિસરને સ્પષ્ટ માંગ કરી છે કે, આ કામની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે અને ત્યાર બાદ જ કોન્ટ્રાક્ટરને ગ્રાન્ટની રકમ ચૂકવવામાં આવે. જો આ અરજી પર સંતોષકારક કાર્યવાહી નહીં થાય, તો નાછૂટકે કોર્ટના દ્વાર ખખડાવવાની ફરજ પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આ અરજીની નકલ ભાવનગર રિજનલ કમિશ્નર અને લાઠી પ્રાંત અધિકારીને પણ રવાના કરવામાં આવી છે.

# ખાંભાના ગીદરડી ગામે ખેતમજૂર પર સિંહે હુમલો કરતાં સારવારમાં ખસેડાયો

અમરેલી,તા.૨૬



ખાંભા તાલુકાના ગીદરડી ગામમાં ખેતમજૂર મુકેશભાઈ લખુભાઈ સોલંકી (ઉ.૩૪) પર સિંહે હુમલો કરતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. મુકેશભાઈ વાડીમાં પાણી વાળી રહ્યા હતા ત્યારે અચાનક સિંહે હુમલો કર્યો હતો. તેમને તાત્કાલિક ખાંભાની હોસ્પિટલમાં ખસેડાયા બાદ વધુ સારવાર માટે અમરેલી રિફર કરવામાં આવ્યા છે. આ ઘટનાથી સ્થાનિક ખેડૂતો અને મજૂરોમાં ભય અને આક્રોશ વ્યાપી ગયો છે. સિંહ-દીપડાના વધતા આતંક છતાં વનવિભાગના ઉચ્ચ અધિકારીઓની નિષ્ક્રિયતા સામે નારાજગી જોવા મળી રહી છે. ઈજાગ્રસ્તના ભાઈ ભરતભાઈએ જણાવ્યું કે, તેમના મોટા ભાઈ જમીન ભાગીદારીમાં રાખીને કામ કરી રહ્યા હતા ત્યારે આ હુમલો કર્યો હતો.

# ધારી-ભાવનગર વાયા દામનગર લોકલ બસને વારંવાર બંધ કરાતા મુસાફરો પરેશાન

દામનગર, તા.૨૬

દામનગર શહેરનાં અને આજુબાજુના ૨૦-૨૫ ગામનાં લોકો દ્વારા એસ.ટી.તંત્રને લાંબા રૂટની બસ ફાળવવા માટે રજૂઆત થતી રહે છે. અગાઉ લોકો માટે આશીર્વાદરૂપ સવારની ધારી-ભાવનગર, અમરેલી-પાલીતાણા, બાબરા-કુતિયાણા, બગસરા-ભાવનગર, સાંજની અમરેલી-ભાવનગર, વાયા દામનગર સહિતની બસો ચલાવાતી હતી તે તમામ બસ લગભગ પાંચ-દસ વર્ષથી બંધ કરાયેલ છે. થોડાક દિવસથી ધારી ડેપોની દામનગર સવારે દસ વાગે આવતી ધારી-ભાવનગર લોકલ બસને બંધ કરી દેવાતા ત્રણ જિલ્લાના અમરેલી, બોટાદ અને ભાવનગરના ગામડાના લોકો પરેશાન થઈ રહ્યા છે. આ માટે સ્ટાફની ઘટ હોવાનું કહેવાતું હોય છે. આ અંગે સરકાર દ્વારા ડ્રાઈવર-કંડકટરની જરૂરિયાત મુજબ ભરતી કરવામાં આવે તે માટે જનતાનાં પ્રતિનિધિઓ યોગ્ય રજૂઆત કરી મુસાફરોને ન્યાય આપે જેથી એસ.ટી.તંત્રને સારી આવક થઈ શકે.

# વડીયામાં મામલતદાર તંત્ર દ્વારા બિનઅધિકૃત રેતી ભરેલા ડમ્પર સામે કાર્યવાહી

વડીયા, તા.૨૬



વડીયામાં મામલતદાર દ્વારા ગામમાંથી પસાર થતા ખનીજ ભરેલા ડમ્પરને રોકાવીને તપાસ કરતા તેમાં રેતી ભરેલી હોવાથી તે અંગેની રોયલ્ટી પાસ અને પરમીટની માંગણી કરવામાં આવી હતી. આ પરમીટ ડમ્પર ચાલક પાસે ના હોવાથી તેમની સામે બિનઅધિકૃત ખનીજના વહન બાબતે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ડમ્પરમાં ભરેલી કુલ ૨૭.૫ ટન રેતીની કિંમત રૂ. ૨૪૭૫૦, જયારે ડમ્પરની કિંમત રૂ. ૭ લાખ ગણીને કુલ ૭,૨૪,૭૫૦/- રૂપિયાનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. આ ડમ્પરને વડીયા પોલીસના હવાલે કરવામાં આવ્યુ હતું. આ કાર્યવાહીમાં વડીયાના ઈન્ચાર્જ મામલતદાર કેજરભાઈ સિંધી અને ઈન્ચાર્જ પુરવઠા મામલતદાર કુલદીપસિંહ સિંધવ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.










**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/ અરજી નં.૯૬/૨૦૨૫

અરજદારશ્રી:- ચાવડા કમુબેન સનાભાઈ
રે. અમરેલી રોડ, માતાની ઝુપડી, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પતિ સનાભાઈ ખીમજીભાઈ ચાવડાનું મરણ તા.૦૮/૧૧/૨૦૦૦ ના રોજ મુ. તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૨૭/૨૦૨૫ તા.૨૪ /૧૧/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. બીલખીયા યાસ્મીનબેન બાલાભાઈ
રહે. ફીફાદ તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.તલાટી કમ મંત્રીશ્રી ફીફાદ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર બીલખીયા સાજીદભાઈ બાલાભાઈનો જન્મ તા.૧૫/૦૭/૧૯૮૯ ના રોજ મુ. ફીફાદ, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/ અરજી નં.૯૨/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. નરેશભાઈ મુળજીભાઈ કાતરીયા
રે. બી૪૪, શિવછાયા સોસાયટી, વેડ રોડ, કતારગામ, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.તકમશ્રી ચીખલી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદી મીઠીબેન માવજીભાઈ કાતરીયાનું મરણ તા.૦૨/૧૦/૧૯૮૧ ના રોજ મુ. ચીખલી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૪/૨૦૨૫ તા.૧૧/૧૧/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. હુરબાઈબેન ગનીભાઈ બાવનકા
રહે. જુના બસ સ્ટેન્ડ પાસે, ખાટકીવાડ
તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા,
તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી જરીનાબેન ગનીભાઈ બાવનકાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૫ ના રોજ મુ. તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**ફોરવ્હીલ ચાલકો ગમે ત્યાં વાહન પાર્ક કરી જતા રહેતા હોવાથી**

# અમરેલી માર્કેટિંગ યાર્ડ રોડ પર ટ્રાફિક સમસ્યાથી લોકો ત્રસ્ત

અમરેલી,તા.૨૬



અમરેલી શહેરમાં નવા બની રહેલા માર્ગને કારણે ટ્રાફિક સમસ્યા વકરી છે તો જુના માર્ગો પર વાહન ચાલકોની બેદરકારીને કારણે ટ્રાફિક સમસ્યાએ માઝા મૂકી છે. કાર ચાલકો ગમે ત્યાં વાહન મૂકીને જતા હોવાથી લોકો ટ્રાફિકથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે. અમરેલીમાં આવેલા જુના માર્કેટિંગ યાર્ડવાળા રસ્તા પર ટ્રાફિક સમસ્યા હવે કાયમી માથાનો દુઃખાવો બની ગઈ છે. આ માર્ગ પણ ખાણી-પીણીની દુકાનો આવેલી હોવાથી લોકો પોતાના વાહનો ગમે ત્યાં મૂકીને નાસ્તો કરવા જતા રહેતા હોવાથી વારંવાર ટ્રાફિક સમસ્યા સર્જાય છે. આ બાબતે અનેકવાર અખબારના માધ્યમથી પોલીસનું ધ્યાન દોરવા છતાં પોલીસ દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી. જેથી વાહન ચાલકોને પણ પોલીસનો કંઈ જ ડર ન હોય તેમ ગમે ત્યાં વાહન પાર્ક કરતા હોવાથી ટ્રાફિક સમસ્યા કાયમી દર્દ બની ગયું છે. આ માર્ગ પર એટલી ટ્રાફિક સમસ્યા થાય છે કે અન્ય વાહન ચાલકો તો ઠીક પણ રાહદારીઓ પણ ચાલી શકતા નથી જેના લીધે રાહદારીઓમાં પણ પોલીસની કામગીરી સામે રોષ ફેલાયો છે. આ માર્ગ પર વારંવાર ટ્રાફિક જામ થતો હોવાથી પોલીસ તાત્કાલિક ટ્રાફિક જામનું નિરાકરણ લાવે તેવી માંગ ઉઠવા પામી છે.

**માર્ગ પર પોલીસની હાજરી ન હોવાથી સર્જાતી ટ્રાફિક સમસ્યા**

# બગસરાના હામાપુર ગામે બાળકને ફાડી ખાનાર સિંહણ પાંજરે પુરાઈ

બગસરા,તા.૨૬

બગસરા તાલુકાના હામાપુર ગામે મંગળવારે ધોળે દિવસે પાંચ વર્ષીય બાળક પર સિંહણે હુમલો કરી ફાડી ખાતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભયનો માહોલ છવાયો હતો. માનવભક્ષી બનેલી સિંહણને પકડવા માટે વનખાતાએ આખી રાત કવાયત કરી હતી અને આખરે સિંહણે પકડવામાં સફળતા મેળવી હતી. બગસરા તાલુકાના હામાપુર ગામે મજૂરીકામ કરતા વિનોદભાઈ ડામોરના પાંચ વર્ષીય પુત્રને સિંહણે તુવેરના પાકમાં લઈ જઈ ફાડી ખાધો હતો. બાળકનો મૃતદેહ અર્ધખાધેલી હાલતમાં પરિવારને મળ્યો હતો. જેથી પરિવારે વનખાતાને જાણ કરતા વનવિભાગની ટીમે સિંહણને પકડવા માટે કવાયત હાથ ધરી હતી. બુધવારના રોજ વહેલી સવારે બે વાગ્યાની આસપાસ સિંહણ મહામુસીબતે પાંજરે પુરાઈ હતી. જાણવા મળતી માહિતી મુજબ બાળકને ફાડી ખાધો તેના ૫૦૦ મીટર એરિયામાં જ સિંહણ બેઠી હતી. સિંહણના બચ્ચા પણ હોવાથી બચ્ચા સાથે સિંહણને પકડી પરીક્ષણ અર્થે સક્કરબાગ ખાતે ખસેડવામાં આવી હતી. સિંહણે બાળકને ફાડી ખાધાની ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ફફડાટ ફેલાયો છે.

## સાવરકુંડલામાં રહેતો વિદ્યાર્થી કોઈને કહ્યા વગર ચાલી નીકળ્યો

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલામાં રહેતો એક વિદ્યાર્થી કોઈને કહ્યા વગર ચાલી નીકળ્યો હતો. મનસુખભાઈ બાબુભાઈ મહેતા (ઉ.વ.૫૦) એ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર પુનિતભાઈ મનસુખભાઈ મહેતા (ઉ.વ.૧૯, ધંધો.અભ્યાસ) પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર કયાંક જતો રહ્યો હતો. અકારણસર ઘરેથી કોઈને કહ્યા વગર ચાલી જવાથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

## સાવરકુંડલાના નેસડી ગામના ખેડૂતનું બાઈક ચોરાયું

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલાના નેસડી ગામના ખેડૂતનું બાઈક ચોરાયું હતું. આ અંગે અશોકભાઈ જીણાભાઈ સોલંકી (ઉ.વ.૪૯)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ નેસડી રોડ પર આવેલા નાયરા પેટ્રોલપંપથી આગળ, રામભાઈ બુહાની વાડી પાસે રોડની બાજુમાં તેમનું મોટરસાયકલ પાર્ક કરીને અમરેલી ગયા હતા. તેમના ભાઈ મોટરસાયકલ લેવા સ્થળ પર આવ્યા ત્યારે બાઈક જોવા મળ્યું નહોતું.

**CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરવામાં આવી**

# રાજુલામાં ડેમો મોબાઈલની ચોરી થતા પોલીસે તપાસ શરૂ કરી

રાજુલા,તા.૨૬

રાજુલા શહેરમાં ST બસ સ્ટેન્ડ નજીક આવેલ A.D. એન્ટરપ્રાઈઝમાં મોડી રાત્રે આશરે ૨:૩૦ કલાકે અજાણ્યા શખ્સો દ્વારા તાળા તોડીને ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ચોરો શોરૂમમાં પ્રવેશ્યા હતા, પરંતુ નવા મોબાઈલ રાખેલ કબાટના તાળા ન તૂટતા, તેઓ મોટાભાગનો માલ ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. જોકે, આ ચોરો શોરૂમમાં ગ્રાહકોને બતાડવા માટે રાખવામાં આવેલા કુલ પાંચ નંગ ડેમો મોબાઈલ ચોરી કરીને ભાગી ગયા હતા. વહેલી સવારે શોરૂમના માલિકને જાણ થતાં, તેમણે તાત્કાલિક રાજુલા પોલીસને જાણ કરી. પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ CCTV ફૂટેજની મદદથી ચોરોને પકડવાની કાર્યવાહી કરી રહી છે.



તસવીર : ગોપાલ રાઠોડ

# ઉતાવળા હનુમાન મંદિરે સર્વ રોગ આયુર્વેદ નિદાન કેમ્પનું આયોજન કરાયું



સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા શહેરના ઉતાવળા હનુમાન મંદિર ખાતે આયુષ વિભાગ, જિલ્લા આયુર્વેદ અધિકારી અમરેલી તથા ડોક્ટર હેડગેવાર સેવા સમિતિના સહયોગથી સર્વ રોગ આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો. કેમ્પમાં ગ્રામજનોને સ્વાસ્થ્ય જાગૃતિ, દિનચર્યા-ઋતુચર્યા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. સંશમની વટી અને ઉકાળાનું વિતરણ કરી આરોગ્યલાભ અપાયો. વૈદ્ય ડી.જે. ખાચર, વૈદ્ય કૌશલ ગોંડલીયા, પંકજ વ્યાસ, વિનાયક પરમાર અને કૌશિક બોરીસાગરે સેવાઓ આપી હતી.

# બગસરા પંથકમાં ચોરીના બનાવ વધતાં આમ આદમી પાર્ટી દ્વારા આવેદનપત્ર અપાયું

બગસરા, તા.૨૬

બગસરા શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસોથી ચોરીના બનાવો વધી રહ્યા છે. આથી પોલીસના નબળા પેટ્રોલિંગ બાબતે આમ આદમી પાર્ટી દ્વારા તંત્રને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. બગસરા, માવજીંજવા, જામકા, હાલરીયા વિસ્તારોમાં રાત્રિના સમયે દુકાનોમાં ચોરીના બનાવો તેમજ બગસરા શહેરમાં સોના-ચાંદીના દાગીના તેમજ ઘરવખરીના સામાનની ચોરીની ઘટના છેલ્લા ઘણા દિવસોથી બની છે. પોલીસનું રાત્રી સમયમાં નબળું પેટ્રોલિંગ તેમજ હોમગાર્ડની ગ્રામ્ય પંથકમાં ઓછી સંખ્યાને કારણે આ બનાવ બનવા લાગ્યા છે. જેને લીધે આમ આદમી પાર્ટીના કાંતિભાઈ સતાસિયા, રમેશભાઈ સતાસિયા સહિતના આગેવાનોએ પોલીસને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક રાત્રિના સમયમાં પેટ્રોલિંગ વધારવા તેમજ લૂંટારુઓને પકડવા માટે કાર્યવાહી કરવા માંગ કરી છે. છેલ્લા ઘણા સમયથી પોલીસની નબળી કામગીરીને પગલે શહેરમાં પાર્કિંગથી ટ્રાફિકની સમસ્યા, રાત્રિના સમયમાં જોરશોરથી વાગતા ડી.જે., સગીર બાળકો દ્વારા બેફામ ચલાવવામાં આવતા મોટર સાયકલ સહિતના અનેક પ્રશ્નોમાં પોલીસની નબળી કામગીરીને લીધે લોકો પણ ખુબ મુશ્કેલી અનુભવી રહ્યા છે.


તસવીર : હાર્દિક બામટા




## અવસાન નોંધ

**સાવરકુંડલા**
સ્વ.ભરતકુમાર પરષોત્તમદાસ મહેતા (ઉ.વ.૭૧)નું તા.૨૨/૧૧/૨૦૨૫ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે પ્રતાપભાઈ હરિલાલ ત્રિવેદીના બનેવી, પ્રવીણભાઈ દુર્લભજીભાઈ ઉપાધ્યાયના બનેવી, હિમાંશુભાઈ પ્રતાપભાઈ ત્રિવેદીના ફુવા થાય છે. તેમની સંયુક્ત સાદડી ૨૭/૧૧/૨૦૨૫ને ગુરુવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે ''શ્રી એકલિંગજી ઉપવન'' અમરેલી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**
સ્વ. કૌશિકભાઈ જયંતિલાલ જોષી(ઉ.વ.૬૧)નું તા.૨૭/૧૧/૨૫ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણુ તા.૨૭/૧૧/૨૫ને ગુરુવારના રોજ બપોરે ૪થી ૬ કલાકે શ્રીજી પાર્ક શેરી નં.૩ ઓમકારેશ્વર મહાદેવ મંદિર રૈયા રોડ એચ.પી. પેટ્રોલ પંપની સામે રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**
સ્વ.હર્ષાબેન હસમુખભાઈ માખેચા(ઉ.વ.૫૯)નું તા.૨૭/૧૧/૨૦૨૫ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે હસમુખરાય માખેચા તેમના પતિ, કેતનભાઈ માખેચા, અજયભાઈ માખેચા તેના માતા થાય છે. સદગતું બેસણુ તા.૨૭/૧૧/૨૦૨૫ને ગુરુવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે ઓમકારેશ્વર મહાદેવ મંદિર જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**
સ્વ. પ્રભાબેન મધુભાઈ કાચા(ઉ.વ.૬૧)નું તા. ૨૩/૧૧/૨૦૨૫ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણુ તા.૨૭/૧૧/૨૦૨૫ને ગુરુવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે કાનજીબાપુ ઉપવન વાડી પારેખવાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**
સ્વ.પ્રવિણભાઈ ઘુસાભાઈ ટાંક(ઉ.વ.૬૩)નું તા.૨૫/૧૧/૨૦૨૫ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણુ તા.૨૭/૧૧/૨૦૨૫ને ગુરુવારના રોજ ૪થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને રઘુવંશીપરા ખોડીયાર મંદિર પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**
સ્વ.હંસાબેન મનસુખલાલ કારીયા(ઉ.વ.૭૬)નું તા. ૨૬/૧૧/૨૦૨૫ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે જીતેન્દ્રભાઈ કારીયા, જીગ્નેશભાઈ કારીયા, દિનેશભાઈ કારીયાના માતા થાય છે. સદગતનું ઉઠમણુ તા.૨૭/૧૧/૨૦૨૫ને ગુરુવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે ઓમકારેશ્વર મહાદેવ મંદિર જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.







**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૬૧/૨૦૨૫ તા.૨૪ /૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. વાંક હકુભાઈ દેવાતભાઈ
રહે. ખાલપર તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧.તલાટી કમ મંત્રીશ્રી ખાલપર તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી વાંક હકુભાઈ દેવાતભાઈનો જન્મ તા.૦૧/૦૯/૧૯૬૧ ના રોજ મુ.ખાલપર, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૯૭/૨૦૨૫ તા.૧૧/૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. હસમુખભાઈ વશરામભાઈ ચૌહાણ
રહે. શીવાજીનગર, શેરી નં.૫, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના નાનાભાઈ મહેન્દ્રકુમાર વશરામભાઈ ચૌહાણનો જન્મ તા.૧૨/૦૮/૧૯૬૯ ના રોજ મુ. તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.62/2025

**પ્રતિ,**
શ્રી ગોપાલભાઈ માલાભાઈ ગોહીલ,
રહે. ગોહીલની ખાણ, ગામ-ગોહીલની ખાણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એમ.એમ.કાતીરા .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફીસરશ્રી, કોડીનાર
નગરપાલીકા તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના તાલુકાના ગોહીલની ખાણ ગામના રહીશ શ્રી ગોપાલભાઈ માલાભાઈ ગોહીલના માતા સ્વ. રંગાઈબેન માલાભાઈ ગોહીલનું મરણ તારીખ **29/01/2022** ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના કોડીનારના સને.2022 ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.188/2025

**પ્રતિ,**
શ્રી માવજીભાઈ બાવાભાઈ સોલંકી,
રહે. મુળદ્વારકા, ગામ-મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી બી.એન.વાઘેલા તથા કે.ડી.ભેડા, કોડીનાર** .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળદ્વારકા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ બાવાભાઈ પુંજાભાઈ સોલંકી તથા રાજીબેન બાવાભાઈ સોલંકીના પુત્ર મેઘજીભાઈ બાવાભાઈ સોલંકીનો જન્મ તારીખ **01/06/1978** ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળદ્વારકા, તાલુકો- કોડીનાર સને.**1978** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

શિક્ષકો બીએલઓની કામગીરીથી થાક્યા, આખરે સા.કુંડલાના સીમરણ ગામના શિક્ષકે

# BLOની કામગીરીથી ત્રસ્ત થઈ રાજીનામાની ચીમકી ઉચ્ચારી

અમરેલી,તા.૨૬

સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામની પ્રાથમિક શાળાના શિક્ષક ઈન્દ્રકુમાર કાનપરિયાએ BLO (બૂથ લેવલ ઓફિસર)ની કામગીરીના અસહ્ય ભારણથી નારાજ થઈ રાજીનામું આપવાની ચીમકી ઉચ્ચારી છે. પ્રાંત અધિકારીને લખેલા પત્રમાં તેમણે પોતાની વ્યથા ઠાલવતા કહ્યું છે કે તેઓ સવારના ૫ થી રાતના ૧ વાગ્યા સુધી કામ કરવા છતાં સતત ટાર્ગેટના દબાણ હેઠળ છે. શિક્ષકના



જણાવ્યા મુજબ, અગાઉ આ કામગીરી આંગણવાડી સંચાલકને સોંપાઈ હતી, પરંતુ ટૂંક સમયમાં જ તે રદ કરી ફરી તેમને જ જવાબદારી સોંપી દેવામાં આવી છે. ૫૬ વર્ષની ઉંમરે અને નિવૃત્તિને આરે હોવાથી આટલો શારીરિક શ્રમ તેમના માટે મુશ્કેલ બન્યો છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો છે કે જ્યારે અન્ય ૧૨ કેડરના કર્મચારીઓને આ કામ સોંપી શકાય છે અને રોટેશનનો નિયમ છે, ત્યારે એકના એક શિક્ષક પર જ બોજ શા માટે? જો ઉકેલ નહીં આવે તો તેમણે નોકરી છોડવાની તૈયારી દર્શાવી છે.

# ખાંભા પંચાયતમાં ગેરરીતિની ફરિયાદનું મનદુઃખ રાખી ફરિયાદી પર જીવલેણ હુમલો

ખાંભા, તા. ૨૬

ખાંભા તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા પંચાયતના કામોમાં કરાયેલી ગેરરીતિની ફરિયાદ કરવા બદલ ફરિયાદી પર જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી હતી. આ કામના બે આરોપીઓએ ફરિયાદીને ચાલુ મોટરસાઈકલ પર રોકીને લોખંડના પાઈપ વડે આડેધડ માર માર્યો હતો. ત્રાકુડા ગામે રહેતા અને કન્સ્ટ્રક્શનનો ધંધો કરતા કનુભાઈ મંગાભાઈ પરમાર (ઉ.વ.૪૫) એ ભરતભાઈ ભોપભાઈ રાઠોડ રહે.ભાવરડી તથા અરવિંદભાઈ ભીખાભાઈ સરવૈયા રહે.ગોરાણા સામે ફરિયાદ નોંધાવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદીએ ગત તા. ૩૧/૦૫/૨૦૨૫ના રોજ તેમની જ્ઞાતિના અન્ય ચાર લોકો સાથે મળીને ખાંભા તાલુકા પંચાયતના પ્રમુખ વિરુદ્ધ ગેરરીતિ આચરવા બદલ અમરેલી જિલ્લા વિકાસ અધિકારી (DDO) કચેરીમાં તપાસ અર્થે અરજી/ફરિયાદ કરી હતી.

ફરિયાદ મુજબ, ભરતભાઈ રાઠોડે તેમને ચાલુ મોટરસાઈકલ પર જતા રોકી, તેમના જમણા હાથના કાંડા પર લોખંડના પાઈપનો ઘા મારીને નીચે પછાડી દીધા હતા. ગેરકાયદે અવરોધ ઊભો કરીને તેમની પાસે રહેલા લોખંડના પાઈપ વડે ફરિયાદીને આડેધડ માર માર્યો હતો. આ હુમલામાં તેમને માથાના ભાગે, પેટના ઉપરના ભાગે, વાંસાના ભાગે તથા બંને હાથ-પગમાં મૂંઢ ઈજાઓ પહોંચી હતી. હુમલો કરીને જતા પહેલા બંને આરોપીઓએ ફરિયાદીને અશ્લિલ ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. પોલીસે આ સમગ્ર બનાવ અંગે ફરિયાદ નોંધીને બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના જામકા ગામમાં રૂ.૯૦ હજારના મુદ્દામાલની ચોરી

બગસરા, તા.૨૬

બગસરાના જામકા ગામે મંગળસૂત્ર, રોકડા ૬૦ હજાર મળી કુલ ૯૦ હજારની ચોરી થઈ હતી. બનાવ અંગે રમેશભાઈ ડાયાભાઈ માયાણી (ઉ.વ.૫૯) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના રહેણાંક મકાને મેઈન ડેલા પાસે આવેલ દીવાલ કૂદીને મકાનમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. તેમજ પૂર્વ બાજુના રૂમના દરવાજાનો નકુચો તોડી રૂમની અંદર ગેરકાયદે પ્રવેશ કરી કબાટની અંદરથી નાના ખાનામાં રહેલ એક સોનાનું ત્રણ તોલાનું મંગળસૂત્ર, તથા રૂ.૬૦,૦૦૦ ની રૂ. ૫૦ ના દરની તેમજ રૂા.૧૦૦ દરની ભારતીય ચલણી નોટો મળી રૂા.૯૦,૦૦૦ ની મત્તાની કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.વી. સુરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા વડેરા પ્રા. શાળામાં RKSK કાર્યક્રમ યોજાયો

બાળકોને આહારમાં પૌષ્ટિક ખોરાક લેવાના ફાયદાઓ વિષે સમજાવવામાં આવ્યું

વડેરા, તા.૨૬

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી સાહેબ, તાલુકા આરોગ્ય અધિકારી ડો. આર.કે. જાટ્ટ સાહેબની સૂચના અનુસાર તથા મોટા આંકડીયા મેડિકલ ઓફિસર ડો. મીત મોદી અને ડો. કિર્તિ મેડમના માર્ગદર્શન હેઠળ આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા દ્વારા પ્રાથમિક શાળા વડેરા ખાતે RKSK કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૫ થી ધોરણ ૮ ના બાળકોના વજન, ઉંચાઈ અને BMI ની તપાસ કરવામાં આવી હતી. બાળકોને આરોગ્ય વિષયક શિક્ષણ જેમ કે વાહકજન્ય રોગો ફેલાવવાના કારણો, તેને અટકાવવાના ઉપાયો, ગપ્પી ફીશ ડેમોસ્ટ્રેશન, આહારમાં પૌષ્ટિક ખોરાક લેવાના ફાયદાઓ સમજાવવામાં આવ્યા હતા.



# સનાળી ગામે પતિએ પત્ની પર ખોટી કુશંકા કરી ઘરેથી કાઢી મૂકી

પતિ અવાર નવાર ગાળો આપી મારકૂટ કરતા હતા

વડીયા, તા. ૨૬

વડીયાના સનાળી ગામે રહેતી એક યુવતીના લગ્ન રાજકોટના જેતપુર તાલુકાના ખજુરી ગુંદાળા ગામના યુવક સાથે થયા હતા. લગ્ન બાદ પતિ પત્ની પર સિતમ ગુજારતા હતા. જેને લઈ દક્ષાબેન વિજયભાઈ મકવાણા (ઉ.વ.૩૪) એ વિજયભાઈ આંબાભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના પતિ અવારનવાર ગાળો આપી મારકૂટ કરતા હતા. તેમજ ખોટી શંકા કુશંકા કરી પહેરેલા કપડાએ ઘરેથી કાઢી મૂકી હતી. આ ઉપરાંત તેમના પિયર સનાળી ગામે આવી તેમને ગાળો આપી ઝાપટ મારી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.એમ. કાછેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના માળીલા ગામ પાસે રોડ ઉપર કૂતરું આડું ઉતરતાં બાઈક ચાલકે સંતુલન ગુમાવ્યું

અમરેલી, તા.૨૬

અમરેલીના માળીલા ગામ પાસે સ્મશાન નજીક રોડ ઉપર કૂતરું ઉતરતાં બાઈક ચાલકે સંતુલન ગુમાવતા ઘાયલ થયો હતો. જેના કારણે સારવાર અર્થે લઈ જવાયો હતો. આ દરમિયાન તેનું મોત થયું હતું. નવનીતભાઈ ભીખાભાઈ પરમાર (ઉ.વ.૪૮) એ જાહેર કર્યા મુજબ, તેમના મોટાભાઈ રમેશભાઈ ભીખાભાઈ પરમાર (ઉ.વ.૫૫) પોતાના હવાલાવાળું મોટરસાયકલ રજી નં.GJ ૧૪ AE ૦૮૯૪નું લઈને ચલાલાથી અમરેલી દાંતના ડોકટરને બતાવવા જતા હતા. તે દરમ્યાન ચલાલા અમરેલી રોડે માળીલા ગામ નજીક ગામના સ્મશાન પાસે રોડ ઉપર પહોંચતા ઓચિંતા કૂતરું આડું પડતા કાબુ ગુમાવ્યો હતો. જેથી મોટરસાયકલ સાથે રોડ ઉપર પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા જઈ હતી. તેમજ શરીરે નાની મોટી મુઢ ઈજાઓ થતા સારવારમાં લઈ જતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.ડી. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

સારવાર દરમિયાન પુરુષનું મોત થયું

દિવાલ પર ચડી આંટા મારતા દીપડાના સીસીટીવી વાયરલ

# ધારી તાલુકાના બોરડી ગામે બજારોમાં દીપડાના આંટાફેરા

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓની રંજાડ દિન-પ્રતિદિન વધતી જાય છે. વન્યપ્રાણીઓ શિકારની શોધમાં જંગલ વિસ્તાર છોડી હવે રેવન્યૂ વિસ્તારમાં આવી ચડતા હોવાથી ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ જાય છે.




ધારી તાલુકાના બોરડી ગામે રાત્રીના સમયે અચાનક જ એક દીપડો ગામની બજારમાં આંટાફેરા કરતો સીસીટીવી ફુટેજમાં દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. ધારી તાલુકાના મોટાભાગના ગામડાઓ જંગલ વિસ્તારની નજીક જ આવેલા હોય ત્યારે છાશવારે શિકારની શોધમાં વન્યપ્રાણીઓ ધસી આવે છે અને પાલતુ પશુઓના શિકાર કરે છે ત્યારે બોરડી ગામમાં બુધવારની વહેલી સવારે એક દીપડાએ ગામમાં આંટાફેરા કર્યા હતા અને દિવાલની પાળી પર આંટા મારતો હોય તેવા સીસીટીવી વાયરલ થયા હતા. જેથી ગ્રામજનોએ સીસીટીવી જોતા જ દીપડાની અવરજવરથી ભયનો માહોલ છવાયો છે.

દીપડાની અવરજવર વધતા ગ્રામજનોમાં ભયનો માહોલ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા. ૨૭-૧૧-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૦૫, સૂર્યાસ્ત-૦૫:૪૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૨૭-૧૧-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો.

વૃષભ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે.

કર્ક: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો.

કન્યા: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો.

ધન: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો.

મકર: કૌટુંબિક ખર્ચમાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી.

મીન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે.

# રાજુલામાં રસ્તા પર બાઈક મુકવા બાબતે માથાકૂટ: પરિવાર પર હુમલો, ત્રણ સામે ગુનો દાખલ

રાજુલા, તા. ૨૬

રાજુલા વિસ્તારમાં રસ્તા પર મોટરસાયકલ મુકવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં એક પરિવારના ત્રણ સભ્યો પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ફરિયાદીને ગંભીર ઈજા પહોંચી હતી. દેવાભાઈ રાજાભાઈ મકવાણા (ઉ.વ.૪૭) એ વિનોદભાઈ ભીમાભાઈ, કૈલાસબેન ભીમાભાઈ, સોમાતભાઈ ગલાભાઈ તથા વિમુબેન સોમાતભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા તેમની પત્ની અને પુત્ર સાથે પોતાની વાડીએથી 'સનેડો ટ્રેક્ટર' લઈને ઘરે પરત આવી રહ્યા હતા. પોતાના ઘર પાસેની શેરીમાં પહોંચતા આરોપીએ પોતાનું મોટરસાયકલ રસ્તાની વચ્ચે મૂકી દીધું હતું, જેના કારણે ફરિયાદીને ટ્રેક્ટર લઈ જવામાં અડચણ ઊભી થઈ હતી. તેમણે આરોપીને તેમનું મોટરસાયકલ રસ્તામાંથી સાઈડમાં ખસેડવા માટે કહેતા આરોપીને આ વાત સારી ન લાગી. તેણે તેમને ગાળો આપવાનું શરૂ કર્યું અને ત્યારબાદ ધારીયા વડે કપાળના ભાગે ઈજા પહોંચાડી હતી. આ માથાકૂટ ચાલી રહી હતી તે દરમિયાન અન્ય બે આરોપીઓ પણ ત્યાં આવી ગયા હતા. આ ત્રણેયે ભેગા થઈને ફરિયાદી અને તેમની સાથે રહેલા સાહેદોને ઢીકાપાટુનો મુંઢમાર મારી ઈજાઓ પહોંચાડી હતી. તેમની પત્નીને આરોપીએ ઢીકાપાટુનો માર મારી નીચે પછાડી દીધા હતા અને તેમના કપાળના ભાગે ઈજા કરી હતી. તેમને માથાના ભાગે તથા ખભાના ભાગે ધારીયાનો ઊંધો ઘા મારીને ઈજા પહોંચાડી હતી. આ હુમલામાં મુખ્ય ફરિયાદીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમને બે ટાંકા લેવા પડ્યા હતા.

# સાવરકુંડલામાં ભૂગર્ભ કૂંડીની સફાઈ થતા રહેવાસીઓને રાહત

અમરેલી,તા.૨૬



સાવરકુંડલામાં છેલ્લાં ઘણા સમયથી શિવશક્તિ સોસાયટીમાં ભૂગર્ભ ગટર ઉભરાતા રહેવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. આ બાબતે પાલિકા તંત્રને રજૂઆત કરવામાં આવતા લોકોની રજૂઆતને ધ્યાને લઈ પાલિકાએ શિવશક્તિ સોસાયટીમાં ભૂગર્ભ કૂંડીઓ સાફ કરતા વિસ્તારવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.


-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.192/2025

પ્રતિ,
શ્રી દાનસિંહ રૂપસિંહભા ઝાલા,
રહે. વલાદર, ગામ-વલાદર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર
વકીલશ્રી જે.જી.સોસા તથા વાય.કે.રાઠોડ કોડીનાર
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વલાદર,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના વલાદર ગામના રહીશ દાનસિંહ રૂપસિંહભા ઝાલા તથા જાગૃતિબા દાનસિંહ ઝાલાના પુત્ર દેવદિત્યસિંહ દાનસિંહ ઝાલાનો જન્મ તારીખ 28/06/2024 ના રોજ કોડીનાર તાલુકાના વલાદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત વલાદર, તાલુકો- કોડીનાર સને.2024 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૬૫/૨૦૨૫ તા.૦૭/૧૦/૨૦૨૫
અરજદારશ્રી:- ૧. નારણભાઈ બાલુભાઈ તળાવીયા
રહે. માતા વાડી, લંબે હનુમાન રોડ, ૧૨૦ ભગુનગર સોસાયટી સુરત
-//વિરૂધ્ધ//-
સામાવાળા:-૧. તલાટી કમ મંત્રીશ્રી પીઠવડી, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર અશ્વીનભાઈ નારણભાઈ તળાવીયાનો જન્મ તા.૦૯/૦૯/૧૯૭૧ ના રોજ મુ.પીઠવડી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા



-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૮૪/૨૦૨૫ તા.૨૮/૧૦/૨૦૨૫
અરજદારશ્રી:- ૧. પરશોતમભાઈ મોહનભાઈ સાવલીયા
રહે. મોલડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:-૧. તલાટી કમ મંત્રીશ્રી મોલડી, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર વિઠલભાઈ લક્ષ્મણભાઈ સાવલીયાનો જન્મ તા.૧૨/૦૮/૧૯૬૩ ના રોજ મુ.મોલડી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

તંત્રી લેખ

# ઈથિયોપિયાના જ્વાળામુખીની અણધારી આફત

કુદરતી આફત અણધારી આવે છે. સમુદ્રી ઝંઝાવાત કે સુનામીની અગાઉથી ખબર પડે છે પરંતુ ઈથોપિયામાં જ્વાળામુખી ફાટ્યો અને તેની ઊડતી રાખે ભારત પર સંકટનું સર્જન કર્યું. તાજેતરમાં ઈથિયોપિયાના હેલી ગુબ્બીમાં લગભગ ૧૦,૦૦૦ વર્ષના લાંબા વિરામ બાદ જ્વાળામુખી ફાટવાની ઘટના બની, જેનું ભૌગોલિક સ્થાન ભારતથી ભલે દૂર હોય, પરંતુ તેની અસર ભારતીય હવાઈ ક્ષેત્ર સુધી પહોંચી ત્યારે દેશના ઉડ્ડયન ઈતિહાસમાં એક નવી અને ગંભીર સ્થિતિ સર્જાઈ. આ જ્વાળામુખીમાંથી ઉત્સર્જિત થયેલ રાખના કણો પૂર્વ દિશામાં આગળ વધવા લાગ્યા અને ભારતીય હવાઈ માર્ગો પર ગંભીર ખતરો ઊભો થયો. આ ઘટનાએ અણધારી વૈશ્વિક આફતો સામે દેશની તૈયારી અને ત્વરિત પ્રતિભાવની ક્ષમતાની કસોટી કરી. જ્વાળામુખીની રાખ માત્ર ધૂળ નથી; તે એક 'અદ્રશ્ય જોખમ' (Invisible Hazard) છે. જ્યારે આ રાખના કણો ૪૫,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે, ત્યારે તેનાથી નીચે ઉડતા વાણિજ્યિક વિમાનો સીધી ટક્કરના ક્ષેત્રમાં આવી જાય છે. આ સ્થિતિ ભારત માટે નવી હતી, કારણ કે આ પહેલાં દેશમાં ક્યારેય આટલા મોટા પાયે વિદેશી જ્વાળામુખીની રાખનો ખતરો સર્જાયો ન હતો. આ ખતરાને ગંભીરતાથી લેવો અનિવાર્ય હતો, કારણ કે ભૂતકાળમાં વૈશ્વિક સ્તરે બે મોટી ઘટનાઓ બની ચૂકી છે. વર્ષો પહેલાં, બ્રિટિશ એરવેઝની ફ્લાઈટ બીએ-૯ અને કેએલએમ-૮૬૭ જેવી ફ્લાઈટ્સે આઈલેન્ડ અને યુરોપના જ્વાળામુખી વિસ્ફોટોની રાખના કારણે એન્જિનને નુકસાન થવાનો અથવા તમામ એન્જિન બંધ થઈ જવાનો ભયાનક અનુભવ કર્યો હતો. આ ઘટનાઓએ વિશ્વને જ્વાળામુખીની રાખ સામે સખત પ્રોટોકોલ બનાવવાની ફરજ પાડી હતી. આ સંજોગોમાં, ભારતે પણ તાત્કાલિક કાર્યવાહી કરીને હવાઈ સલામતીની સર્વોચ્ચ પ્રાથમિકતા દર્શાવી. જ્વાળામુખીની રાખ વિમાનો માટે કેમ ઘાતક હોય છે? જ્વાળામુખીની રાખમાં કાચના બારીક કણો, સિલિકા, એલ્યુમિનિયમ ઑક્સાઈડ અને સલ્ફર જેવા ખનિજો હોય છે. વિમાનના એન્જિનમાં પ્રવેશ્યા પછી, આ કણો ૧,૦૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં પીગળી જાય છે અને ટર્બાઈન બ્લેડ પર જામી જાય છે. આ જામી ગયેલો પદાર્થ એન્જિનના પાવરને ગંભીર રીતે ઘટાડે છે, જે આકાશમાં ભયંકર દુર્ઘટના તરફ દોરી શકે છે. રિયલ-ટાઈમ રિસ્પોન્સ આપી ભારતે જાગૃતિ દાખવી 'એશ પ્રોટોકોલ'ને સક્રિય કરવામાં આવ્યા. આ ગંભીર સ્થિતિને જોતાં, ભારત સરકારે સમયસર 'રિયલ ટાઈમ વોલ્કેનિક એશ રિસ્પૉન્સ પ્રોટોકોલ'ને સક્રિય કર્યો, જે એક પ્રશંસનીય પગલું છે. આ પ્રોટોકોલ માત્ર એક કાગળનો ટુકડો નહીં, પરંતુ વિવિધ એજન્સીઓ વચ્ચેના સીમલેસ સહયોગનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ઉડ્ડયન મંત્રાલયની દેખરેખ હેઠળ એર ટ્રાફિક કંટ્રોલ (ATC), હવામાન વિભાગ (IMD), એરલાઈન્સ અને આંતરરાષ્ટ્રીય એવિએશન એજન્સીઓ વચ્ચે સંકલન સ્થાપિત કરવામાં આવ્યું. સૌપ્રથમ, એરપોર્ટ ઑથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા તુરંત નોટમ (NOTAM - નોટિસ ટૂ એર મિશન) જારી કરીને તમામ એરલાઈન્સને જોખમ અંગેની જાણકારી આપવામાં આવી. આ નોટમ હવાઈ મુસાફરીની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટેનું પ્રથમ અને સૌથી મહત્ત્વનું પગલું હતું.ત્યારબાદ, 'માઈક્રો ડિસેંટ મૉડલ' લાગુ કરવામાં આવ્યું, જેના અંતર્ગત જોખમી ક્ષેત્રમાંથી પસાર થતી કેટલીક ફ્લાઈટ્સને તેમની સામાન્ય ઊંચાઈથી ૨,૦૦૦ થી ૪,૦૦૦ ફૂટ નીચે ઉડાડવામાં આવી, જેથી રાખના વધુ પડતા કણોવાળા વાતાવરણથી વિમાનોને બચાવી શકાય. આ નિર્ણય લેવા માટે વૈજ્ઞાનિક વિશ્લેષણનો આધાર લેવાયો હતો.

# ડિપ્રેશન ડાયરી એટલે જટિલ સામાજિક સમસ્યાનો ઉકેલ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

નિરાશા એક અંધકાર છે તો આશા એ ઉજાસ છે. માનવીની આશા નિરાશા સતત આવ્યા કરે છે નિરાશાના અંધકારમાં પણ હિંમત નહિ હારનારા માનવી સમાજનો માર્ગ બતાવે છે. આવો જ એક સુંદર પ્રયાસ ભાવનગરના કલેક્ટર બંસર સાહેબે કરીને ડિપ્રેશન ડાયરી નામનું એક પુસ્તક લખ્યું અને સમાજને નવી દિશા બતાવી. આ પુસ્તકની અગત્યતા એ છે કે તે ડિપ્રેશનને જાહેર મંચ પર લાવે છે. મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી, ડિપ્રેશન એ માત્ર ક્ષણિક ઉદાસી કે નબળાઈ નથી; તે એક ગંભીર 'મૂડ ડિસઓર્ડર' (મુખ્ય ડિપ્રેસિવ ડિસઓર્ડર - MDD) છે. આમાં વ્યક્તિ સતત બે અઠવાડિયા કે તેથી વધુ સમય માટે ઉદાસી, હતાશા અને પોતાની મનપસંદ પ્રવૃત્તિઓમાં રસ ગુમાવવાની (Anhedonia) લાગણી અનુભવે છે, જે તેની રોજિંદી કાર્યક્ષમતાને ખોરવી નાખે છે. યશવંતરાય નાટ્યગૃહ ખાતે આયોજિત આ વિમોચન સમારોહમાં રાજવી પરિવારના સભ્યો, ભાવનગર શહેરના અગ્રણી ઉદ્યોગપતિ લીલા ગ્રુપ ઈન્ડસ્ટ્રીઝના મહાનુભાવો તથા મેડિકલ કોલેજના ડો. ચિન્મય શાહ, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના યોગ વિભાગના કોર્ડીનેટર છાયાબેન પટેલ તથા મહાનગરપાલિકાના અધિકારીઓ અને અગ્રણી પત્રકારો તથા ઈન્સ્યુરન્સ એડવાઈઝર તથા મોટીવેશનલ સ્પીકર જે.જે. પટેલ પણ આ સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં યોગ સાધકો સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ મહત્વપૂર્ણ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. નેહલબેન ગઢવીએ પોતાની આગવી શૈલીમાં કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. મેજર ડિપ્રેસિવ ડિસઓર્ડર વિશે મનોવૈજ્ઞાનિક સમજૂતી અહીં આપેલી છે, જે ભાવનગરના કલેક્ટર દ્વારા વિમોચન કરાયેલા "ડિપ્રેશન ડાયરી" પુસ્તકના સંદર્ભમાં મદદરૂપ થશે. ડિપ્રેશનને માત્ર ઉદાસીનતા કે ખરાબ મૂડ સમજવો પૂરતો નથી. મનોવૈજ્ઞાનિક ભાષામાં, તે એક ગંભીર અને સતત મૂડ ડિસઓર્ડર છે, જેને મેજર ડિપ્રેસિવ ડિસઓર્ડર (Major Depressive Disorder - MDD) તરીકે ઓળખવામાં આવે છે. આ એવી સ્થિતિ છે જે વ્યક્તિની લાગણીઓ, વિચારો, વર્તન અને શારીરિક સ્વાસ્થ્યને ગહન રીતે અસર કરે છે. આ સમજૂતી ડિપ્રેશનને એક માનસિક વિકાર તરીકે રજૂ કરે છે: ડિપ્રેશન (મેજર ડિપ્રેસિવ ડિસઓર્ડર - MDD)ની મનોવૈજ્ઞાનિક સમજૂતી: ડિપ્રેશન એક ક્લિનિકલ કન્ડીશન છે જે સામાન્ય ઉદાસીનતાથી અલગ છે. મનોવિજ્ઞાન અને મનોચિકિત્સા ક્ષેત્રે, તે એક એવો મૂડ ડિસઓર્ડર છે જેમાં વ્યક્તિ સતત અને ગહન હતાશાની લાગણીઓ તેમજ પ્રવૃત્તિઓમાં રસ અથવા આનંદ ગુમાવવાનો અનુભવ કરે છે. નિદાન માટે, આ લક્ષણો ઓછામાં ઓછા બે અઠવાડિયા સુધી સતત હાજર રહેવા જોઈએ અને વ્યક્તિના દૈનિક કાર્યમાં નોંધપાત્ર અવરોધ ઊભો કરવો જોઈએ. ડિપ્રેશનના નિદાન માટે નીચેનામાંથી ઓછામાં ઓછા પાંચ લક્ષણો હાજર હોવા જરૂરી છે, જેમાં પ્રથમ બે લક્ષણોમાંથી (૧ અથવા ૨) એક લક્ષણ હોવું અનિવાર્ય છે: સતત ઉદાસ મૂડ (Depressed Mood): લગભગ આખો દિવસ, દરરોજ, સતત ઉદાસ, નિરાશ, ખાલી અથવા દુ:ખી અનુભવવું. (બાળકો અને કિશોરોમાં ચીડિયાપણું પણ હોઈ શકે છે.) એન્હેડોનિયા (Anhedonia - રસ ગુમાવવો): મોટાભાગની અથવા લગભગ તમામ પ્રવૃત્તિઓમાં રસ અથવા આનંદ ગુમાવવો. વજન અને ભૂખમાં ફેરફાર (Weight/ Appetite Changes): આહાર પર ધ્યાન ન આપવા છતાં વજનમાં નોંધપાત્ર વધારો અથવા ઘટાડો થવો, અથવા ભૂખમાં ઘટાડો/ વધારો થવો. નિદ્રાની સમસ્યાઓ (Sleep Disturbances): અનિદ્રા (Insomnia - ઊંઘ ન આવવી) અથવા હાઈપરસોમનિયા (Hypersomnia - વધુ પડતી ઊંઘ આવવી). રિટાડેશન એટલે શારીરિક હલનચલન અને વાણીમાં ધીમી ગતિ. એજિટેશન એટલે બેચેની, અશાંતિ અને આરામથી બેસી ન શકવું. (આ લક્ષણ અન્ય લોકો દ્વારા અવલોકન કરી શકાય તેવું હોવું જોઈએ.) થાક અથવા ઊર્જાનો અભાવ સામાન્ય કામ કર્યા પછી પણ સતત થાક લાગવો અને ઊર્જાનો અભાવ અનુભવવો. મૂલ્યહીનતા અને અપરાધની લાગણી: પોતાને મૂલ્યહીન માનવું, અથવા અયોગ્ય અને અતિશય અપરાધની લાગણીઓ અનુભવવી. ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી, વિચારવામાં, યાદ રાખવામાં અથવા નિર્ણયો લેવામાં સ્પષ્ટ ઘટાડો અથવા અનિશ્ચિતતા ઊભી થવી. મૃત્યુના વારંવાર આવતા વિચારો (માત્ર મૃત્યુના ડરથી નહીં), આત્મહત્યા વિશેના વિચારો, અથવા આત્મહત્યાનો પ્રયાસ કરવો. ડિપ્રેશનના મૂળમાં જૈવિક (ન્યુરોટ્રાન્સમીટર અસંતુલન), મનોવૈજ્ઞાનિક (નકારાત્મક વિચારસરણીની પેટર્ન, તથા સામાજિક (જીવનના તણાવપૂર્ણ પ્રસંગો, એકલતા) પરિબળોનું જટિલ મિશ્રણ હોય છે. આ એક સારવારપાત્ર સ્થિતિ છે, જેમાં મનોચિકિત્સા અને દવાઓ મુખ્ય ભૂમિકા ભજવે છે. ઉપરોક્ત માહિતી મનોવૈજ્ઞાનિક ભાષામાં જ છે તેને સરળ શબ્દમાં કહેવું હોય તો કહી શકાય કે માનસિક હતાશા (ડિપ્રેશન) એટલે શું? ડિપ્રેશન (હતાશા) એ માત્ર ખરાબ મૂડ નથી, પરંતુ તે એક ગંભીર માનસિક સ્વાસ્થ્ય સમસ્યા છે, જેને મનોવિજ્ઞાનમાં મેજર ડિપ્રેસિવ ડિસઓર્ડર કહેવામાં આવે છે. આમાં વ્યક્તિના વિચારો, લાગણીઓ અને શરીર પર લાંબા સમય સુધી નકારાત્મક અસર રહે છે. ડિપ્રેશન ક્યારે ગણાય? જો કોઈ વ્યક્તિ લગભગ બે અઠવાડિયાથી વધુ સમય સુધી નીચેનામાંથી મોટાભાગના લક્ષણોનો અનુભવ કરે, તો તે ડિપ્રેશન હોઈ શકે છે: સતત ઉદાસી: વ્યક્તિ આખો દિવસ ખૂબ દુ:ખી, નિરાશ કે હતાશ રહે છે. આનંદ ગુમાવવો: પહેલાં જે કામ કરવામાં મજા આવતી હતી, જેમ કે મિત્રોને મળવું, ફિલ્મ જોવી કે શોખ પૂરા કરવા, તેમાં બિલકુલ રસ ન રહેવો. ઊર્જાનો અભાવ: શરીરમાં કાયમ થાક લાગવો અને સહેજ પણ શક્તિ ન અનુભવવી. ઊંઘ અને ભૂખના ફેરફાર: ક્યાં તો ખૂબ ઓછી ઊંઘ આવવી (અનિદ્રા) અથવા સામાન્ય કરતાં ઘણી વધારે ઊંઘ લેવી, તેમજ ભૂખ કાં તો સાવ ઘટી જવી કે ખૂબ વધી જવી. નકારાત્મક વિચારમાં પોતાને નકામા સમજવા, ભૂતકાળની વાતો માટે વારંવાર અપરાધભાવ અનુભવવો અને આત્મવિશ્વાસનો અભાવ મુખ્ય છે. આ ઉપરાંત કોઈ પણ કામ કે નિર્ણય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં ભારે મુશ્કેલી થવી અને મૃત્યુ અથવા આત્મહત્યાના વિચારો આવવા. આમ થવાના કારણોમાં મુખ્યત્વે ડિપ્રેશન મગજના રસાયણો એટલે કેન્યુરોટ્રાન્સમીટરમાં થયેલા ફેરફારો, જીવનમાં આવેલા મોટા આઘાત (જેમ કે કોઈ પ્રિયજનને ગુમાવવું કે નોકરી જવી) અને સતત તણાવને કારણે થઈ શકે છે. આનો ઉપચાર થઈ શકે છે. આ એક સારવાર પાત્ર સ્થિતિ છે. યોગ્ય સમયે મનોચિકિત્સક કે મનોવૈજ્ઞાનિક (Psychologist) ની સલાહ અને સારવાર (દવાઓ અથવા કાઉન્સેલિંગ) લેવાથી ડિપ્રેશનમાંથી બહાર આવી શકાય છે. કલેક્ટર દ્વારા પોતાના અંગત અનુભવોની રજૂઆત કરતું આ પુસ્તક, ડિપ્રેશનને એક 'વાસ્તવિક બીમારી' તરીકે સ્વીકારવા અને તેની આસપાસના સામાજિક કલંકને દૂર કરવાની દિશામાં એક મજબૂત પહેલ છે. આનાથી લોકો માનસિક સ્વાસ્થ્યના મુદ્દાઓ પર ખુલીને વાત કરવા અને યોગ્ય સમયે મદદ લેવા માટે પ્રેરિત થશે. ડિપ્રેશનને દૂર કરવા માટે સાક્ષી ભાવ અને યોગ મેડીટેશન પર કલેકટર સાહેબે ખાસ ભાર મૂક્યો હતો.

**ભાવનગરના કલેક્ટર દ્વારા લિખિત પુસ્તક 'ડિપ્રેશન ડાયરી'નું વિમોચન સમાજમાં એક અત્યંત મહત્વપૂર્ણ સંદેશ લઈને આવ્યું છે. આજે સમાજમાં લોકો ભારે તનાવનો અનુભવ કરી રહ્યા છે જેને કારણે આત્મહત્યાના બનાવ વધી રહ્યા છે. ત્યારે જનજાગૃતિ લાવવા માટે આ પુસ્તક મહત્વપૂર્ણ સાબિત થશે.**

## શબ્દ સંજોગ-૨૧૦૭



**આડી ચાવી :**
(૧) જગત, દુનિયા (૨)
(૨) બિહામણુ (૨)
(૬) દરેક ઘરને દરવાજે હોય (૩)
(૭) નર્મદા નદીની એક પ્રકારે થતી પરિક્રમા (૩)
(૮) નોતરેલા મહેમાનોનો સમૂહ (૩)
(૧૦) એક વનસ્પતિ (૩)
(૧૩) પૃથ્વી આની પર ફરે છે (૨)
(૧૪) બગીચો, ઉદ્યાન (૨)
(૧૫) એક પશુ (૨)
(૧૭) નુકસાન, પાયમાલી (૨)
(૧૮) ...તે મા બીજા વગડાના વા (૧)
(૧૯) રેલવેનો પાટો (૨)
(૨૦) આસ્થા, વિશ્વાસ (અ) (૨)
(૨૨) ઉણપ, ખોટ (૨)
(૨૪) સોનીની કામ કરવાની જગા (૨)
(૨૫) અડધાનું અડધુ (૧)
(૨૬) બીજનો ચંદ્રમા (૩)
(૨૮) એક આલ્ફાબેટ (૨)
(૨૯) ઝટ સળગી ઉઠે તેવો પદાર્થ (૨)
(૩૦) ડરપોક, બીકણ (૩)

**ઉભી ચાવી :**
(૧) યુગ, લાંબો સમય (૩)
(૨) મડદુ દાટવાનો ખાડો (૨)
(૩) રણકારો (૩)
(૪) ઘટિત, યોગ્ય (૩)
(૫) કારીગરનું કલાત્મક કામ (૪)
(૬) અભિમાન, મદ (૨)
(૯) તલવારનું મ્યાન (૩)
(૧૧) એક વાર અંગ્રેજીમાં (૨)
(૧૨) જેવા સમયે... (૨)
(૧૩) એક નક્ષત્ર (૩)
(૧૪) રચના, બાંધણી (૩)
(૧૬) કૂવા પરનાં પત્થર ઉપર દોરડાના ઘસારાથી પડેલો ખાડો (૩)
(૨૧) નીડર (૩)
(૨૩) ધોળકાનું મલાવ તળાવ આ દેવીએ બંધાવ્યુ હતુ (૩)
(૨૪) પાવડી, ચાખડી (૩)
(૨૭) મલાઈ, માખણ (૨)
(૨૮) અધમ, નીચ (૨)

## શબ્દ સંજોગ-૨૧૦૬ જવાબ

**આડી ચાવી:** (૧) તહનામુ (૪) હેલાલી (૬) હેબત (૭) દલાલ (૯) નાક (૧૧) રોચક (૧૩) મોજડી (૧૫) નેહ (૧૭) જોબન (૧૮) અક્ષર (૧૯) મોકો (૨૧) ચલન (૨૨) ગતકડું (૨૪) સમા (૨૬) રેલ (૨૭) મરી (૨૮) અરજ (૨૯) ચવો.
**ઉભી ચાવી:** (૧) તહેનાત (૨) હબક (૩) નાત (૪) હેલારો (૫) લાલચ (૮) જી (૧૦) મુજબ (૧૨) કનેક્ષન (૧૩) મોજો (૧૪) ડીન (૧૬) હર (૧૮) અલમારી (૧૯) મોગરેલ (૨૦) કોતલ (૨૧) ચસમ (૨૩) ડુંગર (૨૫) બળવો.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૬૫ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૫૧૭ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૬૬૫ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૯૬૭ |
| બાજરી | ૨૫૧ | ૫૧૨ |
| તુવેર | ૯૦૦ | ૧૨૭૦ |
| ચણા પીળા | ૯૦૫ | ૧૦૯૨ |
| ચણા સફેદ | ૧૧૧૦ | ૧૭૮૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૯૦ |
| મગ | ૧૨૫૦ | ૧૭૬૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૦૩૪ |
| ચોળી | ૯૦૦ | ૧૩૧૫ |
| મઠ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૧૫૦૦ | ૨૦૨૩ |
| કળથી | ૩૬૦ | ૪૭૫ |
| રાજમા | ૯૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૪૦ | ૧૪૨૫ |
| મગફળી જીણી | ૧૦૨૫ | ૧૪૦૫ |
| તલી | ૧૯૯૦ | ૨૨૬૦ |
| સુરજમુખી | ૫૪૦ | ૧૨૬૦ |
| એરંડા | ૧૨૪૦ | ૧૩૧૮ |
| સુવા | ૯૫૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૮૬૭ | ૯૧૦ |
| સીંગફાડા | ૯૪૪ | ૧૫૦૭ |
| કાળા તલ | ૩૪૬૦ | ૫૧૩૦ |
| લસણ | ૬૨૫ | ૯૫૦ |
| ધાણા | ૧૩૮૦ | ૧૭૩૦ |
| મરચા સુકા | ૧૨૦૦ | ૪૨૫૦ |
| ધાણી | ૧૪૦૫ | ૧૮૭૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૦૦ |
| રાય | ૧૬૦૦ | ૧૯૩૫ |
| મેથી | ૧૧૪૪ | ૧૫૦૦ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૨૧૫૩ |
| કલોંજી | ૩૯૦૦ | ૪૬૦૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૩૫૦ |
| રજકાનું બી | ૭૬૯૯ | ૧૦૨૫૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૧૮ | ૫૨૯ |
| પપૈયા | ૬૬ | ૯૪ |
| બટેટા | ૨૧૧ | ૫૫૧ |
| ડુંગળી સુકી | ૫૫ | ૧૫૦ |
| ટમેટા | ૭૦૪ | ૯૯૨ |
| સુરણ | ૭૬૪ | ૯૧૩ |
| કોથમરી | ૪૬૨ | ૭૮૪ |
| મુળા | ૩૨૪ | ૪૪૬ |
| રીંગણા | ૮૦૫ | ૧૨૬૫ |
| કોબીજ | ૨૬૮ | ૩૬૯ |
| ફ્લાવર | ૪૧૧ | ૬૦૬ |
| ભીંડો | ૬૦૯ | ૧૨૧૪ |
| ગુવાર | ૧૪૨૫ | ૨૦૧૭ |
| ચોળાસીંગ | ૯૮૨ | ૧૨૧૩ |
| વાલોળ | ૧૧૨૧ | ૧૪૬૩ |
| ટીંડોળા | ૫૮૨ | ૧૨૧૭ |
| દુધી | ૩૦૭ | ૪૬૪ |
| કારેલા | ૮૫૩ | ૧૧૦૬ |
| સરગવો | ૧૭૬૩ | ૩૦૪૬ |
| તુરીયા | ૮૬૮ | ૧૨૩૨ |
| પરવર | ૧૪૨૯ | ૧૬૧૪ |
| કાકડી | ૫૦૪ | ૮૧૩ |

| | | |
|---|---|---|
| ગાજર | ૩૨૭ | ૬૦૭ |
| વટાણા | ૧૨૩૧ | ૧૪૪૯ |
| તુવેરસીંગ | ૯૬૭ | ૧૨૧૭ |
| ગલકા | ૬૧૩ | ૮૯૪ |
| બીટ | ૧૪૨ | ૩૮૬ |
| મેથી | ૬૧૭ | ૮૪૬ |
| વાલ | ૧૪૦૩ | ૧૬૨૨ |
| ડુંગળી લીલી | ૩૦૨ | ૪૧૩ |
| આદુ | ૧૦૧૬ | ૧૧૯૨ |
| ચણા લીલા | ૨૨૩ | ૯૯૪ |
| મરચા લીલા | ૪૦૨ | ૯૯૪ |
| હળદર લીલી | ૪૧૩ | ૫૯૧ |
| લસણ લીલુ | ૧૧૨૧ | ૧૯૭૨ |
| મકાઇ લીલી | ૨૮૯ | ૪૨૨ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૧૨ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૦ |
| સિંગદાણા જાડા | ૧૩૦૧ | ૧૪૧૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૧૧ | ૧૩૪૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૧૩૧ |
| ક્લંજી | ૧૦૦૦ | ૪૬૫૦ |
| ધાણા | ૧૦૫૧ | ૨૦૫૧ |
| લસણ સુકું | ૪૬૧ | ૮૯૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૨૫૧ |
| અડદ | ૮૭૧ | ૧૩૦૧ |
| મઠ | ૧૦૨૬ | ૧૦૨૬ |
| તુવેર | ૧૧૩૧ | ૧૨૬૧ |
| રાજગરો | ૧૦૦૧ | ૧૦૦૧ |
| રાય | ૧૨૧૧ | ૧૨૧૧ |
| મેથી | ૭૨૧ | ૧૧૪૧ |
| કાંગ | ૫૫૧ | ૫૮૧ |
| કારીજીરી | ૩૩૦૧ | ૩૩૦૧ |
| સુરજમુખી | ૧૦૭૬ | ૧૦૭૬ |
| મરચા | ૭૫૧ | ૪૩૫૧ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૧૮૫૧ |
| ધાણી | ૧૨૭૬ | ૧૮૪૬ |
| ડુંગળી સફેદ | ૯૧ | ૩૦૬ |
| બાજરો | ૪૨૧ | ૪૨૧ |
| જુવાર | ૮૭૧ | ૮૭૧ |
| મકાઇ | ૨૮૧ | ૪૩૧ |
| મગ | ૯૭૧ | ૧૭૦૧ |
| ચણા | ૮૫૧ | ૧૧૩૧ |
| વાલ | ૪૦૦ | ૮૦૧ |
| ચોળા / ચોળી | ૫૭૧ | ૧૦૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૦૧ |
| અજમાં | ૧૧૨૬ | ૧૧૨૬ |
| ગોગળી | ૬૫૧ | ૯૫૦ |
| વટાણા | ૮૫૧ | ૧૭૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૬૦૦ | ૧૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૮૦૦ |
| કાકડી | ૩૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૩૦૦ | ૮૦૦ |
| ગાજર | ૧૮૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| ટિંડોરા | ૩૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૪૮૦ | ૧૮૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૭૦૦ |
| કેરી કાચી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૨૮૦ | ૪૪૦ |
| અંબાળા | ૪૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૨ |
| કોથમીર પુરા | ૧ | ૭ |
| મુળા પુરા | ૫ | ૧૩ |
| ફોદીનો પુરા | ૧ | ૪ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| ચ્રૂણ | ૯૮૦ | ૧૨૦૦ |
| અલાવિપન | ૫ | ૧૦ |
| ઘીસોડા | ૬૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૮૦ | ૧૪૦૦ |
| વાલોર | ૬૦૦ | ૧૪૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૬ | ૧૫ |
| પાલક પુરા | ૨ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૫૦ | ૧૨૩૧ |
| શિંગ ૬૬ | ૯૭૦ | ૧૦૫૦ |
| શીંગ ગીરનાર | ૧૦૫૦ | ૧૨૭૧ |
| શિંગ મોટી | ૭૮૫ | ૧૪૦૦ |
| શિંગદાણા | ૧૧૮૦ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૧૨૫ | ૨૫૫૦ |
| તલ કાળા | ૨૮૩૦ | ૫૯૯૫ |
| તલ કાશ્મીરી | ૧૯૫૦ | ૨૪૫૯ |
| બાજરો | ૩૪૦ | ૫૮૧ |
| જુવાર | ૬૦૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૯૭ |
| ઘઉં લોકવન | ૪૮૨ | ૫૭૭ |
| અડદ | ૮૫૦ | ૧૧૦૦ |
| ચણા | ૮૭૦ | ૧૧૮૧ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| છોલે ચણા | ૧૧૦૦ | ૧૭૦૦ |
| ચોળી | ૭૯૧ | ૭૯૧ |
| તુવેર | ૯૯૯ | ૧૦૬૦ |
| કપાસ | ૯૦૦ | ૧૫૫૦ |
| એરંડા | ૧૦૬૧ | ૧૨૭૨ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૮૧ |
| રાય | ૧૬૨૦ | ૧૬૯૫ |
| ધાણા | ૧૨૧૨ | ૧૬૯૫ |
| સોયાબીન | ૬૫૦ | ૮૬૯ |
| કાંગ | ૫૪૫ | ૫૪૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૪૮૦ |
| રીંગણા | ૮૪૦ | ૧૨૪૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૨૨૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| શક્કરીયા | ૬૨૦ | ૮૪૦ |
| ટમેટા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| સુરણ | ૫૨૦ | ૬૪૦ |
| ગાજર | ૫૦૦ | ૮૦૦ |
| દુધી | ૩૨૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૪૦૦ | ૮૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૦૦ |
| કાકડી | ૪૫૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૬૪૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૦૦ | ૬૮૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૪૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૦૫૦ | ૧૪૪૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૬૨૦ | ૭૨૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૨૦ | ૪૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૫૦ |
| લીમડો મીઠો | ૨૯૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૧૦૫૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૪૪૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૯૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૧૨૦૦ |
| લસણ સુકું | ૪૫૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૫૦ | ૪૫૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૮૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૪૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૧૦ |
| તલ કાળા | ૪૧૦૦ | ૫૩૮૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૭૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૫૪૬ |
| ઘઉં લોકવન | ૫૧૫ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૮ |
| અડદ | ૭૦૦ | ૧૧૩૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૩૪ |
| સોયાબીન | ૮૩૮ | ૮૮૧ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૧ | ૧૪૫૩ |
| કપાસ કોડી | ૮૪૬ | ૧૧૫૧ |
| મગફળી | ૮૦૦ | ૧૨૭૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૨૧ |
| ચણા | ૯૬૧ | ૧૦૫૬ |
| અડદ | ૮૧૧ | ૧૦૨૫ |
| એરંડા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| તલ સફેદ | ૨૧૫૧ | ૨૧૫૧ |
| તલ કાળા | ૪૫૦૦ | ૪૫૦૦ |
| તુવેર | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ધાણા | ૧૭૨૬ | ૧૭૨૬ |
| બાજરો | ૩૨૫ | ૪૮૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૯૫૦ | ૧૫૨૩ |
| ઘઉં લોકવન | ૪૭૨ | ૫૪૧ |

| | | |
|---|---|---|
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૨૯ |
| અડદ | ૧૦૮૦ | ૧૧૭૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| લસણ | ૪૭૦ | ૫૪૫ |
| ધાણા | ૧૬૫૦ | ૧૭૪૦ |
| તુવેર | ૯૨૦ | ૯૨૦ |
| સોયાબીન | ૬૫૦ | ૯૦૯ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૧૦ |
| શીંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૨૦ |
| મગફળી | ૬૦૦ | ૧૧૧૧ |
| ચણા સફેદ | ૧૦૧૧ | ૧૪૦૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૭૦ | ૧૫૧૨ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૩૫૧ | ૨૩૫૧ |
| તલ કાળા | - | ૨૯૦૦ |
| કપાસ | ૯૦૦ | ૧૪૫૦ |
| બાજરો | ૩૭૩ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૮૨ |
| જુવાર | ૪૫૧ | ૯૫૯ |
| મકાઈ | ૪૪૮ | ૪૪૮ |
| મગ | ૭૫૦ | ૯૩૧ |
| મઠ | ૭૦૦ | ૭૦૦ |
| અડદ | ૮૪૧ | ૧૧૫૧ |
| ચણા | ૭૫૦ | ૧૦૧૨ |
| સોયાબીન | ૫૫૦ | ૮૭૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૭૦ | ૧૫૪૫ |
| કપાસ મીડીયમ | ૯૨૦ | ૧૩૩૦ |
| મગફળી | ૧૦૧૮ | ૧૩૨૨ |
| તલ સફેદ | ૧૬૮૦ | ૨૧૦૦ |
| જીરૂ | ૩૨૨૫ | ૩૮૮૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૫૫ |
| ચણા | ૮૯૫ | ૧૦૯૫ |
| અડદ | ૯૧૦ | ૧૨૬૦ |
| સોયાબીન | ૭૮૫ | ૮૭૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૪૧ | ૧૫૧૦ |
| કપાસ કોડી | ૧૦૨૮ | ૧૩૪૦ |
| મગફળી | ૯૯૨ | ૧૩૨૦ |
| ચણા | ૭૭૨ | ૧૦૦૨ |
| જુવાર સફેદ | ૧૦૫૧ | ૧૦૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૭૫ |
| અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૩૭૬૦ | ૩૭૬૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૩૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૩૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૫૬ |
| અડદ | ૭૦૧ | ૧૨૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૦૬ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૫૧ |
| સફેદ તલ | ૧૫૦૧ | ૨૨૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૭૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૮૬ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૮૨૩ | ૧૨૫૨ |
| શીંગ ૩૯ | ૮૦૦ | ૧૧૯૨ |
| શીંગ ગીરનાર | ૯૪૧ | ૧૨૯૦ |
| શીંગ જી-૨૦ | ૯૫૧ | ૧૩૪૯ |

| | | |
|---|---|---|
| જુવાર | ૩૦૦ | ૬૪૨ |
| બાજરી | ૩૩૮ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૨૦ |
| અડદ | ૭૦૬ | ૧૬૨૬ |
| મગ | ૫૦૦ | ૮૦૦ |
| સોયાબીન | ૬૬૭ | ૮૮૫ |
| ચણા | ૯૬૫ | ૧૦૨૯ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૩૮૦ |
| તલ કાળા | ૩૫૫૦ | ૪૫૦૧ |
| મેથી | ૮૯૫ | ૮૯૫ |
| તુવેર | ૧૧૨૭ | ૧૧૨૭ |
| ડુંગળી લાલ નવી | ૭૦ | ૧૯૪ |
| ડુંગળી લાલ જુની | ૬૭ | ૨૫૧ |
| ડુંગળી સફેદ | ૧૦૧ | ૫૬૨ |
| કપાસ શંકર | ૮૨૨ | ૧૫૨૫ |
| નાળીયેર | ૩૦૦ | ૨૫૮૦ |
| **કોડીનાર** | | |
| કપાસ ડોળાસા | ૧૦૫૦ | ૧૪૫૦ |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૩૫૦ |
| મગફળી ૩૨ | ૮૫૧ | ૧૨૯૨ |
| બાજરો | ૪૦૦ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૭૨ |
| જુવાર | ૭૬૦ | ૯૩૬ |
| મગ | ૧૦૫૦ | ૧૭૯૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૫ |
| તલ | ૧૫૫૦ | ૨૧૭૪ |
| તલ કાળા | ૩૫૫૦ | ૫૩૫૫ |
| સોયાબીન | ૭૭૫ | ૮૭૮ |
| કાંગ | ૪૨૫ | ૫૦૬ |
| રજકો | ૪૨૦૦ | ૯૫૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૩૫ | ૮૦૦ |
| બાજરો | ૨૮૫ | ૪૫૦ |
| ઘઉં | ૪૯૮ | ૫૬૦ |
| મગ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૧૫ |
| તુવેર | ૬૦૦ | ૧૦૫૦ |
| મેથી | ૯૦૦ | ૧૦૬૫ |
| ચોળી | ૯૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૯૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મગફળી જીણી | ૧૧૭૫ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૩૪૦ |
| મગફળી ૬૬નં. | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મગફળી ૯ નં. | ૧૩૦૦ | ૧૭૬૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૯૮ |
| તલ | ૯૦૦ | ૨૪૦૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૯૨૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૩૨૦ |
| રાઇ | ૧૨૦૦ | ૧૯૩૦ |
| લસણ | ૫૦૦ | ૧૨૨૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૯૬૦ |
| અજમો | ૧૨૦૦ | ૩૩૦૫ |
| અજમાની ભુકી | ૭૦ | ૧૯૯૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૪૫ |
| ડુંગળી સુકી | ૩૫ | ૨૩૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૯૦ |
| વટાણા | ૯૦૦ | ૧૪૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગીરગઢડાના બેડીયા ગામના ખેડૂતે પાંચ વીઘામાં ડુંગળીના પાક પર રોટાવેટર ફેરવ્યું

ઉના, તા.૨૬


તસવીર : કૈલાશ ભટ્ટ

ગીરગઢડા તાલુકાના બેડીયા ગામના એક ખેડૂતે કમોસમી વરસાદ અને ડુંગળીના ઓછા ભાવને કારણે પોતાના પાંચ વીઘાના ડુંગળીના પાક પર રોટાવેટર ફેરવી નાખ્યું હતું. આ ઘટના ઉના-ગીરગઢડા પંથકમાં ખેડૂતોની કફોડી હાલત દર્શાવે છે. બેડીયા ગામના ખેડૂત રાજુભાઈ છગનભાઈ ક્વાડે પાંચ વીઘા જમીનમાં ડુંગળીનું વાવેતર કર્યું હતું. વાવેતર સમયે બિયારણ, ખાતર અને મજૂરી સહિત લાખો રૂપિયાનો ખર્ચ કર્યો હતો. જોકે, દિવાળી પછી થયેલા કમોસમી વરસાદે પાકને વ્યાપક નુકસાન પહોંચાડ્યું હતું. જે પાક બચ્યો હતો, તેના પણ યાર્ડમાં મણ દીઠ મામૂલી ભાવ મળી રહ્યા છે. આર્થિક નુકસાન અને ભાવ ન મળવાને કારણે રાજુભાઈએ પોતાની મહેનત પર રોટાવેટર ફેરવી પાકનો નાશ કરવાનો નિર્ણય લીધો. ખેડૂતોને થયેલા ખર્ચ સામે માંડ ૨૦% જેટલી સહાય મળવાની શક્યતા છે, તે પણ ક્યારે મળશે તે પ્રશ્ન છે. નાઘેર પંથકના ખેડૂતો હાલ આવી જ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ઉના-ગીરગઢડા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં અનેક ખેડૂતોએ ડુંગળીનો પાક નિષ્ફળ જવાથી ખેતરોમાં ઘેટા-બકરા છોડી દીધા છે, જ્યારે કેટલાક ખેડૂતોએ ટ્રેક્ટર અને રોટાવેટર ફેરવી પાકનો નાશ કર્યો હતો.

# જામકંડોરણામાં દારૂનું કટીંગ થાય તે પૂર્વે LCB ત્રાટકી : ૪૬ લાખના દારૂ સહિત ૮૬ લાખથી વધુનો મુદ્દામાલ કબજે

જામકંડોરણા,તા.૨૬


તસવીર : નયન કુહાડીયા

એક તરફ સમગ્ર ગુજરાતમાં વિપક્ષ દ્વારા દારૂ મામલે સરકાર પર પસ્તાળ પાડવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ રાજકોટ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) જામકંડોરણા ખાતેથી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. જામકંડોરણા પોલીસ મથક વિસ્તારમાં દારૂનું કટીંગ થાય તે પહેલાં જ મળેલી બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. વી.વી. ઓડેદરા, પી. એસ.આઈ. એચ.સી. ગોહિલ અને તેમની ટીમે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને LCBએ સફળ ઓપરેશન પાર પાડ્યું હતું. પોલીસે સ્થળ પરથી પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂની ૩૭૨૦ બોટલ (અંદાજિત કિંમત રૂ. ૪૬ લાખ) જપ્ત કરી હતી. આ ઉપરાંત ગુનામાં ઉપયોગમાં લેવાયેલી ચાર એસયુવી (SUV) ગાડીઓ પણ કબજે કરવામાં આવી છે. આમ, પોલીસે કુલ મળીને રૂ. ૮૬,૫૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં સામતભાઈ ભીમભાઈ કરમટા (રહે. જૂનાગઢ), હીરાભાઈ જીવાભાઈ મોરી (રહે. જૂનાગઢ), રાજુભાઈ ડાયાભાઈ સિંઘલ (રહે. જૂનાગઢ) અને કારુભાઈ ઉર્ફે ધીરુભાઈ રાજાભાઈ ગોહેલ (રહે. વેગડી, તા. ધોરાજી) ઝડપાયા છે.

# ધોરાજીમાં હજરત ખ્વાજા મોહકમુદ્દીન સેરાનીના ઉર્ષ નિમિત્તે ભવ્ય લોક મેળો

ધોરાજી, તા.૨૬



ધોરાજી ખાતે હજરત ખ્વાજા મોહકમુદ્દીન સેરાનીના ઉર્ષ નિમિત્તે ભવ્ય લોક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેળાના અંતિમ દિવસે લોક મેળામાં માનવ મહાસાગર ઉમટી પડ્યો હતો. લોકોએ ઉત્સાહભેર આ મનોરંજન મેળાની મજા માણી હતી. મેળામાં ડ્રોન દ્વારા લેવાયેલી તસવીરોમાં હૈયેહૈયું દળાય એવી વિશાળ મેદની જોવા મળી રહી છે. આ પાવન અવસરે સવારે દરગાહ ખાતે ગુશલ શરીફ સહિતની ધાર્મિક વિધિઓ દરગાહના મુંજાવરની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે મુસ્લિમ સમાજના આગેવાનોએ તંત્ર અને લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જ્ઞાન શક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સીલેન્સ કોડીનારનાં બાળકો જિલ્લા કક્ષાની ફુટબોલ સ્પર્ધામાં ઝળક્યા

કોડીનાર, તા.૨૬


તસવીર : ધર્મેશ પાઠક

ચાલુ વર્ષ દરમિયાન યોજાયેલ ખેલ મહાકુંભ ૨૦૨૫ ગીર સોમનાથ જિલ્લા કક્ષાની U -૧૪ ફુટબોલ બહેનો તથા ભાઈઓની રમતનું સોમનાથ ઈન્ટરનેશનલ સ્કૂલ કોડીનાર ખાતે તા.૨૧/૧૧/૨૦૨૫ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગીર સોમનાથ જિલ્લાની અલગ અલગ શાળાઓમાંથી ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં જ્ઞાન શક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સીલેન્સ કોડીનારના ભાઈઓ તથા બહેનોએ ઉમદા પ્રદશન કરી ભાઈઓએ બીજો ક્રમાંક અને બહેનોએ ત્રીજો ક્રમાંક મેળવી શાળા તથા તેમના પરિવારનું ગૌરવ વધાર્યું તે બદલ સોમનાથ એકેડેમીના પ્રમુખ કરશનભાઈ સોલંકી, કેમ્પસ ડાયરેક્ટર કુણાલભાઈ સોલંકી, જ્ઞાન શક્તિ સ્કૂલના આચાર્ય જગમાલભાઈ નંદાણીયા તેમજ શાળાના સ્ટાફ પરિવારે તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં શાળા તથા સમગ્ર જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભચ્છાઓ પાઠવી હતી.

# કોડીનાર જીન પ્લોટ આંગણવાડી કેન્દ્રમાં મહિલા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ ઉજવાયો



કોડીનાર, તા.૨૬

કોડીનાર તાલુકા કાનૂની સેવા સમિતિ અને આઈસીડીએસ કોડીનાર દ્વારા ૨૫ નવેમ્બરે જીન પ્લોટ આંગણવાડી કેન્દ્ર નં. ૨૬ ખાતે મહિલા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ ઉજવાયો. કિશોરીઓને પોષણ અને રક્ષણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું તથા પુણા શક્તિ પેકેટનું વિતરણ કરાયું. કાર્યક્રમમાં પીએલવી પ્રકાશ મકવાણા, સીડીપીઓ પુષ્પાબેન પરમાર તથા આંગણવાડી કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# ઉનામાં કુબાવત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિરાધાર લોકોને ધાબળા વિતરણ

ઉના,તા.૨૬



ઉના શહેરમાં શિયાળાની શરૂઆત થતાં જ કુબાવત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ અને નિરાધાર વ્યક્તિઓ માટે ધાબળા વિતરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ઠંડી સામે જરૂરિયાતમંદ લોકોને હૂંફ અને રક્ષણ પૂરું પાડવાનો છે. ટ્રસ્ટ દ્વારા ખાસ કરીને રસ્તા પર રહેતા ગરીબ અને નિરાધાર લોકોને લક્ષ્ય બનાવવામાં આવ્યા છે. આ કાર્યક્રમ અંતર્ગત શિયાળાની આકરી ઠંડીથી પીડાતા ૧૦૯ લોકોને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાત્રીના સમયે શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને આ ધાબળાનું વિતરણ કરાયું હતું, જેણે તાત્કાલિક રાહત પૂરી પાડી હતી. કુબાવત ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ હરકિશન આઈ. કુબાવતે જણાવ્યું હતું કે, ઠંડી સામે રક્ષણ મેળવવા અને નિરાધાર લોકોને મદદ કરવા માટે સંસ્થાએ આ કાર્યની પહેલ કરી છે. તેમણે સમાજના નાગરિકોને પણ આ માનવતાવાદી કાર્યમાં સહયોગ આપવા અપીલ કરી હતી.

# ધોરાજીમાં ટેકાના ભાવે મગફળી ખરીદી કેન્દ્ર બંધ રહેતા ખેડૂતો પરેશાન થયા

ધોરાજી,તા.૨૬



ધોરાજીમાં ગતરોજ જેતપુર રોડ પર આવેલા ખરીદી કેન્દ્રમાં ખેડૂતોની મગફળી લેવામાં આવી હતી. જે જામકંડોરણા રોડ પર આવેલ બીજા વેર હાઉસ પર હોંચતા એ ગોડાઉનના અધિકારી દ્વારા પાંચ જેટલા ટ્રકની મગફળીને રિજેક્ટ કરવામાં આવી હતી. આથી ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો. ગઈકાલે થયેલ નમૂના બીજા ગોડાઉન પર રિજેક્ટ થવાના પડઘાં આજે પડ્યા હતા. આજે અતુલ સોલવંટ ખાતે ખેડૂતોની ટેકાનાં ભાવે ખરીદી કેન્દ્ર છે તે બંધ હોવાથી ખેડૂતોની મુશ્કેલીઓમાં વધારો જોવા મળ્યો હતો. સૌરાષ્ટ્ર-ગુજરાતના તમામ કેન્દ્રો ખુલ્લા છે ફક્ત ધોરાજીમાં ખરીદી કેન્દ્ર જ બંધ હોવાથી ખેડૂતોમાં રોષ જોવા મળ્યો છે. ખેડૂત અગ્રણી અને શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશ વોરાએ જણાવ્યું હતું કે, ગ્રેડર એજન્સીના અધિકારી છે, તેમની મનમાની ક્યાંક ને ક્યાંક પૈસા પડાવવાનો કારસો કરી રહી છે. કેન્દ્ર ઉપરથી જે મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે સારી ક્વોલિટીની ખરીદી કરવામાં આવે છે પણ વેર હાઉસનાં ગોડાઉનમાં જાય છે ત્યાં આ મગફળીનો જથ્થો ભરેલી ગાડીને રિજેક્ટ કરવામાં આવે છે.

# સોમનાથ મંદિર સુરક્ષા પોલીસે રાજકોટના વયોવૃદ્ધ માજીને સહાયરૂપ બની પોલીસ તંત્રનું 'મે આઈ હેલ્પ યુ' સૂત્ર સાર્થક કર્યું

**માનવતાવાદી અભિગમ સાથે ગુજરાત પોલીસનું ગૌરવ વધાર્યું**

ઉના, તા. ૨૬



પ્રભાસ પાટણ વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મહાદેવ મંદિર રાજકોટના સુકેજીબેન ભટ્ટ ઉંમર વર્ષ ૭૫ કે જેઓ રાજકોટના સાંઢીયા પૂલની બાજુમાં પરસાણા નગરમાં રહે છે તેઓ દર્શન કરવા આવ્યા હતા. તેઓ અશક્ત હોય વ્હીલચેર સાથે મંદિરમાં પ્રવેશ્યા હતા પરંતુ વળતી વખતે પગથિયાથી મંદિર સુધીની લિફ્ટ બંધ હોય ઉતરવાની મૂંઝવણ થઈ હતી. લિફ્ટ બંધ હોવાને કારણે અસક્ત વૃદ્ધાની વ્હીલચેર પોલીસોએ ઉંચકી પગથિયાં સુધી હેમખેમ નીચે ઉતારેલ હતા. આમ સોમનાથ મંદિર સુરક્ષા પોલીસે માનવતાવાદી અભિગમ સાથે 'મે આઈ હેલ્પ યુ' પોલીસનું સૂત્ર સાર્થક કરી ગુજરાત પોલીસનું ગૌરવ વધાર્યું હતું.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૪૭/૨૦૨૫ તા.૨૪ /૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. જયાણી દેવબાઈબેન રમેશભાઈ
રહે. વાડી વિસ્તાર, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર જયાણી ગૌતમકુમાર રમેશભાઈનો જન્મ તા.૦૨/૦૧/૧૯૮૫ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૧૬/૨૦૨૫ તા.૨૪ /૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. ગોકળભાઈ હરજીભાઈ પાંચાણી
રહે. ઝીંઝુડા ગેઈટ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી શિલ્પાબેન ગોકળદાસ પાંચાણીનો જન્મ તા.૦૨/૦૨/૧૯૮૭ ના રોજ મુ. તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૨૯/૨૦૨૫ તા.૨૫ /૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. કારિયા અલ્કાબેન ચત્રભુજભાઈ વાઈફ ઓફ ભુપતભાઈ કોટક
રહે. એ ૧૦૪, રિવેરા ગ્રીંસ, મહારાજ ફાર્મ, મોટા વરાછા, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી અલ્કાબેન ચત્રભુજભાઈ કારિયાનો જન્મ તા.૧૬/૦૯/૧૯૬૫ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૪૦/૨૦૨૫ તા.૨૫ /૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. નાકરાણી હિંમતભાઈ હરીભાઈ
રહે. ઝીંઝુડાના ઝાંપે, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની ભત્રીજી ગીતાબેન છગનભાઈ નાકરાણીનો જન્મ તા.૧૧/૧૦/૧૯૮૧ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૩૯/૨૦૨૫ તા.૨૫ /૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. નાકરાણી હિંમતભાઈ હરીભાઈ
રહે. ઝીંઝુડાના ઝાંપે, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની ભત્રીજી ચંદ્રીકાબેન છગનભાઈ નાકરાણીનો જન્મ તા.૦૩/૦૫/૧૯૭૯ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૨૧/૨૦૨૫ તા.૨૫ /૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. કપાસી શબ્બીરભાઈ રસુલભાઈ
રહે. ધોબી શેરી, વ્હોરા મસ્જીદ પાસે સાવરકુંડલા,
તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના બહેન ફાતેમા રસુલભાઈ કપાસીનો જન્મ તા.૧૫/૧૦/૧૯૭૩ ના રોજ મુ. તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

# સુપ્રીમ કોર્ટે દેશમાં ઝડપથી વિકસતી ખાનગી યુનિવર્સિટીઓના કાર્ય અને સંચાલન માળખાની તપાસ કરવાનો નિર્ણય લીધો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬

દિલ્હી બોમ્બ વિસ્ફોટો બાદ ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીની વિશ્વસનીયતા અંગે ઉભા થયેલા પ્રશ્નો વચ્ચે, સુપ્રીમ કોર્ટે દેશમાં ઝડપથી વિકસતી ખાનગી અને ડીમ્ડ યુનિવર્સિટીઓના કાર્ય, નિયમો અને સંચાલન માળખાની વ્યાપક તપાસ કરવાનો નિર્ણય લીધો છે. કોર્ટે કેન્દ્ર સરકાર, તમામ રાજ્ય સરકારો અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી અનેક મુખ્ય મુદ્દાઓ પર વિગતવાર, સોગંદનામા જેવી માહિતી માંગી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કોઈપણ તથ્યો છુપાવવા કે વિકૃત કરવા જોઈએ નહીં. કોર્ટે યુજીસીને ખાનગી યુનિવર્સિટીઓના સંદર્ભમાં તેની કાનૂની ફરજો, નિયમનકારી સત્તાઓ, દેખરેખ પદ્ધતિઓ અને વાસ્તવિક પાલન વ્યવસ્થાઓ જાહેર કરવાનો નિર્દેશ આપ્યો હતો. ન્યાયાધીશ હસનુદ્દીન અમાનુલ્લાહ અને એનવી અંજારિયાની બેન્ચે એક કેસની સુનાવણી દરમિયાન



આ આદેશ આપ્યો.

બેન્ચે સ્પષ્ટ કર્યું કે યુજીસીએ એ પણ સમજાવવું જોઈએ કે ખાનગી યુનિવર્સિટીઓ વિદ્યાર્થી પ્રવેશ નીતિઓ, ફેકલ્ટી નિમણૂક પ્રક્રિયાઓ, નિયમનકારી દેખરેખ અને સરકારી છૂટછાટોનું પાલન કેવી રીતે સુનિશ્ચિત કરે છે. બેન્ચે ખાસ પૂછ્યું કે શું આ યુનિવર્સિટીઓ ખરેખર બિન-લાભકારી મોડેલ પર કાર્યરત છે. સરકાર કેવી રીતે ખાતરી કરે છે કે સંસ્થાઓની આવકનો ઉપયોગ સંસ્થાની બહારના હેતુઓ માટે ન થાય, જેમ કે સ્થાપકો અથવા તેમના પરિવારોના લાભ માટે? ઉપરાંત, શું વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે ફરિયાદ નિવારણ પદ્ધતિ અસરકારક છે?

# યુપીના લખીમપુર ખેરી જિલ્લામાં કાર નહેરમાં પડતા પાંચ લોકોના કરૂણ મોત

(એચ.એસ.એલ),લખીમપુર,તા.૨૬

ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરી જિલ્લામાં બુધવારે સવારે એક દુઃખદ માર્ગ અકસ્માત થયો. ધાખેરવા ગિરજાપુરી હાઈવે પર એક કાર કાબુ ગુમાવીને નહેરમાં પડી ગઈ. પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા, જ્યારે એક ઘાયલ થયો.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ દુઃખદ માર્ગ અકસ્માતની નોંધ લીધી છે. મુખ્યમંત્રીએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. તેમણે સ્થાનિક વહીવટીતંત્રને તાત્કાલિક અકસ્માત સ્થળે પહોંચવા અને રાહત કાર્ય ઝડપી બનાવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

ઉત્તર પ્રદેશના મૈનપુરી જિલ્લાના બેવાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક દુઃખદ માર્ગ અકસ્માતમાં મોટરસાયકલ સવાર બે પિતરાઈ ભાઈઓના મોત થયા



હતા. તેમના ટુ-વ્હીલને અજાણ્યા વાહને ટક્કર મારતાં આ અકસ્માત થયો હતો. પોલીસે મંગળવારે આ ઘટનાની જાણ કરી હતી.

પોલીસ અધિક્ષક (ગ્રામીણ) રાહુલ મિથાસે જણાવ્યું હતું કે સોમવારે ગ્વાલિયર-બરેલી રોડ પર નાગલા કેહરી ગામ પાસે આ દુઃખદ અકસ્માત થયો હતો. મૃતક પિતરાઈ ભાઈઓની ઓળખ અભય પ્રતાપ (૨૫) અને ગૌરવ ઉર્ફે જાનુ (૨૫) તરીકે થઈ છે, જે એટા જિલ્લાના દાદુપુર અસગરપુર ગામના રહેવાસી છે. બંને યુવાનો કિશનીમાં લગ્ન સમારંભમાં હાજરી આપવા ગયા હતા.

# અમદાવાદ ખાતે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલ રખાતા આદિત્ય ઠાકરેએ ICCની ટીકા કરી

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૬

આગામી વર્ષે ભારત અને શ્રીલંકામાં યોજાનાર ટી ૨૦ વર્લ્ડ કપનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે, જોકે, ટુર્નામેન્ટના સમયપત્રક પર વિવાદ ઉભો થયો છે. શિવસેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરેએ જાહેર કરાયેલ ટી ૨૦ ક્રિકેટ વર્લ્ડ કપના ફાઈનલ માટે અમદાવાદ, ગુજરાતને પસંદ કરવા બદલ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની ટીકા કરી છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મંત્રી આદિત્ય ઠાકરેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર એક પોસ્ટમાં પ્રશ્ન ઉઠાવ્યો હતો કે આવતા વર્ષની શરૂઆતમાં યોજાનારી ટી ૨૦ વર્લ્ડ કપ ફાઈનલ માટે મુંબઈ કેમ સ્થળ ન બની શકે.

આ ટુર્નામેન્ટ આવતા વર્ષે ૭ ફેબ્રુઆરીથી ૮ માર્ચ સુધી આઠ મેદાનો (ભારતમાં પાંચ અને શ્રીલંકામાં ત્રણ) પર યોજાશે. વર્લ્ડ કપ મેચ દિલ્હી, કોલકાતા, અમદાવાદ, ચેન્નાઈ, મુંબઈ, કોલંબો અને કેન્ડીમાં રમાશે. આ ટુર્નામેન્ટમાં કુલ ૫૫ મેચ રમાશે.

# ભાજપે એસઆઈઆરની મૂંઝવણ દૂર કરવા માટે જનજાગૃતિ અભિયાન શરૂ કર્યું

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬

ભારતીય જનતા પાર્ટીએ મતદારયાદીઓની ખાસ સઘન સુધારણા (એસઆઈઆર) અંગે વિપક્ષી પક્ષો દ્વારા ફેલાવવામાં આવી રહેલી "ખોટી માહિતી" અને "મૂંઝવણ" દૂર કરવા માટે એક વિશાળ રાષ્ટ્રવ્યાપી જનજાગૃતિ અભિયાન શરૂ કર્યું છે. પાર્ટીનું કહેવું છે કે વિપક્ષ "ઈરાદાપૂર્વક" લોકોને ગેરમાર્ગે દોરી રહ્યો છે, તેથી ભાજપ હવે સત્યને ઉજાગર કરવા માટે દરેક સ્તરે સક્રિય થઈ ગયું છે. આ અભિયાન ચલાવવા માટે, ભાજપે રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુઘના નેતૃત્વમાં એક કેન્દ્રીય ટીમ બનાવી છે.

ભાજપની આ કેન્દ્રીય ટીમ એવા રાજ્યોની મુલાકાત લઈ રહી છે જ્યાં એસઆઈઆરનું




કાર્ય ચાલી રહ્યું છે. ટીમના સભ્યો વર્કશોપ ચલાવી રહ્યા છે અને જમીની સ્તરે લોકો સાથે જોડાઈ રહ્યા છે જેથી સચોટ માહિતીનો પ્રસાર કરી શકાય. ટીમમાં તરુણ ચુઘ, કે. લક્ષ્મણ, અલ્કા ગુર્જર, ઓપી ધનખર, ઋતુરાજ સિંહા, અનિર્બાન ગાંગુલી, કે. અન્નામલાઈ અને અન્ય ઘણા વરિષ્ઠ નેતાઓ ડેટા-આધારિત તથ્યો, સત્તાવાર ઈનપુટ્સ અને ગ્રાઉન્ડ-લેવલ ફીડબેકનો ઉપયોગ કરીને ઓપરેશનની રણનીતિ બનાવી રહ્યા છે.

# NIAએ ફરીદાબાદથી દિલ્હી બોમ્બ બ્લાસ્ટના શકમંદ આરોપીને ઝડપ્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬

રાષ્ટ્રીય તપાસ એજન્સીએ લાલ કિલ્લા પાસે કાર બોમ્બ બ્લાસ્ટ કેસમાં મોટી સફળતા મેળવી છે. એનઆઈએએ ફરીદાબાદથી શોએબ નામના શંકાસ્પદની ધરપકડ કરી છે. એવો આરોપ છે કે શોએબે વિસ્ફોટ પહેલા આતંકવાદી ઉમર નબીને આશ્રય આપ્યો હતો, ઉપરાંત લોજિસ્ટિક સપોર્ટ પણ પૂરો પાડ્યો હતો. આ ધરપકડ સાથે, આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની કુલ સંખ્યા સાત થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શોએબની ધરપકડ પછી કેસના સ્તરો ખુલવા લાગ્યા છે. પ્રાથમિક માહિતી અનુસાર, શોએબને અગાઉ આ કેસમાં પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો અને પછી તેને છોડી દેવામાં આવ્યો હતો. જોકે, તાજેતરના ખુલાસા બાદ, તેને ફરીથી પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો અને ધરપકડ કરવામાં આવી હતી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે શોએબ જ મુખ્ય આતંકવાદી, ડૉ. ઉમરને મેવાત અને નુહ જેવા વિસ્તારોમાં લઈ ગયો હતો.

# આફ્રિકાએ બીજી ટેસ્ટ ૪૦૮ રનથી જીતતા ૨૫ વર્ષ બાદ ઘર આંગણે ભારતનો વ્હાઈટ વોશ

(એચ.એસ.એલ),ગુવાહાટી,તા.૨૬

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી મેચ ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. દક્ષિણ આફ્રિકાએ ટેસ્ટ મેચ ૪૦૮ રનથી જીતીને ભારતને ૨-૦થી શ્રેણીમાં ક્લીન સ્વીપ કરી હતી. આ સાથે, દક્ષિણ આફ્રિકાની ટીમ ૨૫ વર્ષ જૂના ઈતિહાસનું પુનરાવર્તન કરવામાં સફળ રહી. અગાઉ, દક્ષિણ આફ્રિકાએ ૨૦૦૦ માં ભારતમાં ટીમ ઈન્ડિયાને ક્લીન સ્વીપ કરી હતી. ત્યાં પણ, દક્ષિણ આફ્રિકાએ શ્રેણી ૨-૦થી જીતી હતી.

દક્ષિણ આફ્રિકાએ ભારતને આ ટેસ્ટ મેચ જીતવા માટે ૫૪૯ રનનો વિશાળ લક્ષ્ય રાખ્યો. ટીમ ઈન્ડિયાને અંતિમ દિવસે મેચ જીતવા માટે ૫૨૨ રનની જરૂર હતી. ચોથા દિવસની



રમતના અંત સુધીમાં, દક્ષિણ આફ્રિકાએ ભારતની બે વિકેટ ઝડપી હતી. અંતિમ દિવસે, દક્ષિણ આફ્રિકાએ બે સત્રમાં બાકીની આઠ વિકેટ મેળવીને ઐતિહાસિક વિજય નોંધાવ્યો. દક્ષિણ આફ્રિકાની જીતમાં બોલરો અને બેટ્સમેન બંનેએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ મેચમાં દક્ષિણ આફ્રિકાની જીતમાં બોલરોએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ફાસ્ટ બોલર માર્કો જેન્સને પ્રથમ ઈનિંગમાં છ વિકેટ લીધી હતી, જ્યારે તેણે બીજા ઈનિંગમાં ફક્ત એક વિકેટ લીધી હતી.

# 'જય હિન્દ' આપણા નેતાનું સુત્ર છે, જે કોઈ આનો સામનો કરશે તેને કચડી નખાશે : મમતા બેનરજી

(એચ.એસ.એલ),કોલકતા,તા.૨૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજ્યસભા દ્વારા "ધન્યવાદ," "આભાર," "જય હિંદ," "વંદે માતરમ," અથવા ગૃહમાં અન્ય કોઈપણ પ્રકારના નારા પર પ્રતિબંધ મૂકવાના બુલેટિન પર તીવ્ર પ્રતિક્રિયા આપી છે.

તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જી તેમણે કહ્યું, "તમે તે કેમ નથી કહેતા? જય હિંદ અને વંદે માતરમ આપણા રાષ્ટ્રીય ગીતો છે. તે આપણી સ્વતંત્રતાનું સૂત્ર છે. જય હિંદ આપણા નેતાનું સૂત્ર છે... જે કોઈ આનો સામનો કરશે તેને કચડી નાખવામાં આવશે."

આ દરમિયાન, એસઆઈઆર કામગીરીમાં બીએલઓના મૃત્યુ પર, મમતા બેનર્જીએ કહ્યું, "હું આ વિશે



કંઈ કહી શકતી નથી. મારી પાસે આત્મહત્યાથી કોણ મૃત્યુ પામ્યા અને કોણ આઘાતથી મૃત્યુ પામ્યા તેનો સંપૂર્ણ રેકોર્ડ છે. ઘણા લોકો હજુ પણ આત્મહત્યાથી મરી રહ્યા છે. ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં બીએલઓના મૃત્યુ માટે કોણ જવાબદાર છે? આટલી ઉતાવળમાં આટલું અમલમાં મૂકવાની શું જરૂર હતી? તેઓ બીએલઓને ધમકી આપે છે કે તેમને જેલમાં ધકેલી દેવામાં આવશે અને તેમની નોકરીઓ છીનવી લેવામાં આવશે.

# ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી અને દક્ષિણ ભારતમાં ચક્રવાતની સંભાવના

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬

દેશભરમાં હવામાન હાલમાં બે ભાગમાં વહેંચાયેલું છે. જ્યારે ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી શરૂ થઈ ગઈ છે, ત્યારે દક્ષિણ ભારતમાં ચક્રવાતી તોફાન લેન્ડફોલ કરવાની તૈયારીમાં છે.

ખરેખર, પહાડી રાજ્યોમાં હિમવર્ષાની અસરો હવે મેદાની વિસ્તારોમાં દેખાઈ રહી છે.



ઠંડા પવનોએ ઉત્તર ભારતમાં શિયાળાને વધુ તીવ્ર બનાવ્યો છે. જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં શીત લહેર અને હિમવર્ષાની શક્યતા યથાવત છે, જેના કારણે હરિયાણા, પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં હવે ઠંડીની અસર અનુભવાઈ રહી છે. રાષ્ટ્રીય રાજધાનીના હવામાનની વાત કરીએ તો, દિલ્હીમાં આજે ઠંડી રહેશે.

# યમનમાં બંદૂકધારીઓએ હુમલો કરતા પાંચ સુરક્ષા અધિકારીઓના મોત

તાઈઝ,તા.૨૬

યમનમાં બંદૂકધારીઓએ આતંકવાદી હુમલો કર્યો છે. તાઈઝ પ્રાંતના ગવર્નરના કાફલા પર બંદૂકધારીઓએ ગોળીબાર કર્યો, જેમાં ઓછામાં ઓછા પાંચ સુરક્ષા અધિકારીઓ માર્યા ગયા. આ હુમલામાં બે અન્ય લોકો પણ ઘાયલ થયા. અધિકારીઓએ હુમલા અંગે માહિતી આપી છે. તાઈઝ પ્રાંતના પ્રવક્તા મોહમ્મદ અબ્દેલ-રહેમાને એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે આ હુમલો તાઈઝને દેશના બાકીના ભાગ સાથે જોડતા મુખ્ય માર્ગ પર નબીલ શમસાનને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે ગોળીબારમાં બે હુમલાખોરો પણ માર્યા ગયા હતા. કોઈ જૂથે તાત્કાલિક આ હુમલાની જવાબદારી લીધી નથી.

રાજ્યપાલ કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સુરક્ષા અને લશ્કરી દળો હુમલાના ગુનેગારોને શોધી રહ્યા છે.

# દેશમાં નબળા લોકોને કાનૂની સહાય પૂરી પાડવામાં બાર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે : સીજેઆઈ

લખનૌ,તા.૨૬

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે એક નિવેદનમાં કહ્યું કે બંધારણની પવિત્રતા અને કાયદાના શાસનને જાળવી રાખવામાં બારની ભૂમિકા મહત્વપૂર્ણ છે. સીજેઆઈએ એમ પણ કહ્યું કે દેશમાં નબળા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોને કાનૂની સહાય પૂરી પાડવામાં બાર મહત્વપૂર્ણ ભૂમિકા



ભજવે છે.

સંવિધાન દિવસ નિમિત્તે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું, "આપણે આ મહત્વપૂર્ણ ક્ષણની ઉજવણી કરીએ છીએ જ્યારે ભારતે પોતાને પોતાનો મૂળભૂત કરાર આપ્યો હતો, હું ભારપૂર્વક કહેવા માંગુ છું કે દેશમાં કાયદાના શાસન અને બંધારણની પવિત્રતા જાળવવામાં બારની ભૂમિકા મહત્વપૂર્ણ છે."

# મુંબઈના ૨૬/૧૧ હુમલામાં મૃત્યુ પામેલા શહીદોને શ્રધ્ધાંજલિ પાઠવતા રાષ્ટ્રપતિ મુર્મુ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬

૨૬ નવેમ્બર, ૨૦૦૮ ના રોજ મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાની ૧૭મી વર્ષગાંઠ પ્રસંગે, મુંબઈ હુમલામાં મૃત્યુ પામેલા શહીદોને યાદ કરવા માટે મુંબઈના ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રપતિ મુર્મુએ લોકોને આતંકવાદ સામે લડવાના તેમના વચનને ફરીથી વ્યક્ત કરવાની અપીલ કરી હતી. રાજ્યસભાના સાંસદ ઉજ્જ્વલ નિકમે મુંબઈ હુમલા પર પાકિસ્તાનના મૌન પર સવાલ ઉઠાવ્યા હતા અને આંતરરાષ્ટ્રીય સમુદાયને પાકિસ્તાનને નાણાકીય સહાય બંધ કરવાની અપીલ કરી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બુધવારે ૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલા દરમિયાન દેશની રક્ષા માટે પોતાના જીવનું બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી અને દેશવાસીઓને આતંકવાદ સામે તેના તમામ સ્વરૂપો સામે લડવાના



તેમના વચનને ફરીથી મજબૂત કરવા કહ્યું. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરેલી એક પોસ્ટમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે દેશ તેમના સર્વોચ્ચ બલિદાનને કૃતજ્ઞતા સાથે યાદ કરે છે. રાષ્ટ્રપતિએ લખ્યું, "૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલાની વર્ષગાંઠ પર, હું આપણા દેશના લોકોની રક્ષા માટે પોતાના જીવનું બલિદાન આપનારા બહાદુર સૈનિકોને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. રાષ્ટ્ર તેમના સર્વોચ્ચ બલિદાનને કૃતજ્ઞતા સાથે યાદ કરે છે. ચાલો આપણે તેના તમામ સ્વરૂપોમાં આતંકવાદ સામે લડવાની આપણી પ્રતિબદ્ધતાને ફરીથી મજબૂત કરીએ.

# રશિયાએ યુક્રેનમાં શ્રેણીબધ્ધ હુમલા કરી રહેણાંક મકાનોને નિશાન બનાવ્યા

મોસ્કો,તા.૨૬

રશિયાએ યુક્રેનની રાજધાની કિવમાં શ્રેણીબદ્ધ હુમલાઓ શરૂ કર્યા, જેમાં રહેણાંક ઈમારતો અને ઉર્જા માળખાને નિશાન બનાવવામાં આવ્યું. વીડિયો ફૂટેજ અને સ્થાનિક અધિકારીઓ પાસેથી મળેલી માહિતીમાં આ વાત બહાર આવી છે. મેયર વિટાલી કિત્શ્કોએ જણાવ્યું હતું કે રશિયન હુમલાઓમાં મધ્ય પેચેર્સ્ક જિલ્લામાં એક રહેણાંક ઈમારત અને પૂર્વીય કિવ જિલ્લામાં ડિનિપ્રોવ્સ્કીમાં બીજી એક ઈમારતને ભારે નુકસાન થયું છે.

ટેલિગ્રામ પર પોસ્ટ કરાયેલા વીડિયો ફૂટેજમાં ડિનિપ્રોવ્સ્કીમાં નવ માળની ઈમારતના અનેક માળ પર ભીષણ આગ લાગી હોવાનું દર્શાવવામાં આવ્યું છે. કિવ શહેરના વહીવટી વડા તિમોર ટાકાચેન્કોએ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા છે. યુક્રેનના ઉર્જા મંત્રાલયે ઉર્જા માળખાને નુકસાન



થયું હોવાનો અહેવાલ આપ્યો છે. જોકે, તેમણે નુકસાનના પ્રકાર અથવા હદનો ઉલ્લેખ કર્યો નથી.

રશિયન સંરક્ષણ મંત્રાલયે મંગળવારે અહેવાલ આપ્યો હતો કે રશિયન હવાઈ સંરક્ષણ દળોએ ક્રિમીઆ સહિત વિવિધ રશિયન પ્રદેશોમાં રાતોરાત ૨૪૯ યુક્રેનિયન ડ્રોનનો નાશ કર્યો હતો. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આમાંથી મોટાભાગના ડ્રોન (૧૧૬) કાળા સમુદ્ર પર તોડી પાડવામાં આવ્યા હતા. રવિવારે જીનીવામાં યુએસ-રશિયા દ્વારા મધ્યસ્થી કરાયેલ શાંતિ યોજના પર યુએસ અને યુક્રેનિયન પ્રતિનિધિઓ વચ્ચેની વાટાઘાટો પછી આ હુમલાઓ થયા હતા.

# ગીરગઢડા પંથકમાં બે વર્ષની બાળકીને સિંહણે ફાડી ખાતા લોકોમાં ફફડાટ

**સિંહણના હુમલાથી માનવમૃત્યુ થયું હોવાથી લોકોમાં ભયનો માહોલ છવાયો**



ઉના,તા.૨૬

ગીરગઢડા તાલુકાના પીછવી ગામ નજીક જંગલની હદ પાસે આજે સવારે એક અત્યંત કરુણ ઘટના બની હતી. પીછવી ગામના હરસુખભાઈ મકવાણાની આશરે બે વર્ષની પુત્રી આરાધ્યાને તેની માતાની નજર સામે જંગલમાંથી ધસી આવેલી એક સિંહણ ઉઠાવી ગઈ હતી. બનાવ સવારે ૧૦:૦૦ થી ૧૦:૩૦ વાગ્યાની આસપાસ બન્યો હતો. બાળકી મકાન પાસે રમતી હતી ત્યારે સિંહણ તેને પકડીને આશરે એક કિલોમીટર દૂર જંગલમાં લઈ ગઈ હતી અને ફાડી ખાધી હતી. માતા અને પરિવારજનોએ પીછો કર્યો, પણ સિંહણ બાળકીના મૃતદેહને મૂકીને ભાગી ગઈ હતી. જોકે, ગણતરીના કલાકોમાં જ વન વિભાગે આ માનવભક્ષી સિંહણને પાંજરે પૂરી હતી. હજુ ગઈકાલે જ બગસરા તાલુકાના હામાપુર ગામે પાંચ વર્ષીય બાળકને સિંહણે ફાડી ખાધાની ઘટના તાજી છે ત્યાં ગીરગઢડા પંથકમાં સિંહણના હુમલાથી માનવમૃત્યુ થયું હોવાથી લોકોમાં ભયનો માહોલ છવાયો છે.

# હિંમતનગર જીઆઈડીસી ઓવરબ્રિજ પર ટ્રકે રોલરને ટક્કર મારતા ચાર લોકોના કરૂણ મોત



હિંમતનગર,તા.૨૬

સાબરકાંઠાના હિંમતનગર જીઆઈડીસી ઓવરબ્રિજ પર એક ભયંકર અકસ્માત થયો. હાઈવેના રિપેરીંગ દરમિયાન, એક ટ્રક ટ્રેલરે પુલ પરના રોડ રોલરને ટક્કર મારી. આ અકસ્માતમાં ત્રણ કામદારો અને એક એન્જિનિયરનું મોત નિપજ્યું. પ્રાપ્ત માહિતી અનુસાર, સાબરકાંઠા હિંમતનગર જીઆઈડીસી ઓવરબ્રિજ પર આ અકસ્માત થયો. એનએચએઆઈ હાઈવે ઓવરબ્રિજનું સમારકામ કરી રહ્યું હતું ત્યારે, એક ટ્રક ટ્રેલરે અચાનક પુલ પરના રોડ રોલરને ટક્કર મારી. આ અકસ્માતમાં, રોડ રોલર અને ટ્રેલરની નીચે કચડાઈ જવાના પરિણામે ત્રણ કામદારો અને એક એન્જિનિયર સહિત ચાર લોકોના મોત થયા. માહિતી અનુસાર આજે કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી અને રાજ્યના મુખ્યમંત્રી હિંમતનગર-ચિલોડા હાઈવેનું નિરીક્ષણ કરવાના હતા, ત્યારથી નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા હાઈવેના સમારકામ માટે દિવસ-રાત અથાક મહેનત કરી રહી હતી. આ પ્રોજેક્ટના ભાગ રૂપે GIDC ઓવરબ્રિજ પર પણ કામ ચાલી રહ્યું હતું. અકસ્માત બાદ ઘટનાસ્થળે અરાજકતા ફેલાઈ ગઈ હતી.

# કચ્છ સરહદે ઘૂસણખોરી કરતો પાકિસ્તાની નાગરિક ઝડપાતા સુરક્ષા એજન્સી સતર્ક



(એચ.એસ.એલ),ભુજ,તા.૨૬

ફરી એકવાર કચ્છની સંવેદનશીલ સરહદ પરથી પાકિસ્તાની નાગરિક ઘૂસણખોરી કરતા ઝડપાયો છે. સુરક્ષા જવાનો અને બોર્ડર સિક્યુરિટી ફોર્સની સતર્કતાને કારણે આ પાકિસ્તાની નાગરિકને ઝડપી લેવાયો હતો. વિવિધ સુરક્ષા એજન્સીઓ આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ સતર્ક થઈ ગઈ છે. સુત્રોના જણાવ્યા અનુસાર, ઝડપાયેલા શખ્સની SG, લોકલ આઈબી, સેન્ટ્રલ આઈબી અને બીએસએફના અધિકારીઓ દ્વારા સંયુક્ત રીતે સઘન પૂછપરછ કરવામાં આવી હતી. આ ઘૂસણખોરી સરહદ પારથી નાપાક ઈરાદા કે જાસૂસી માટે કરવામાં આવી છે કે કેમ તે સંદર્ભે તપાસ ચાલી રહી છે.

# અમદાવાદ દુર્ઘટનામાં વિમાન ઉપડવાના ૪૮ કલાક પહેલા ૩ મોટા ઈલેક્ટ્રીક ફોલ્ટ હતા : રિપોર્ટ



અમદાવાદ,તા.૨૬

૧૨ જૂનના રોજ, એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ ૧૭૧ અમદાવાદથી લંડન જઈ રહી હતી ત્યારે વિમાન ક્રેશ થયું ત્યારે હવે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના પ્રારંભિક અહેવાલમાં મોટો ખુલાસો થયો છે. અગાઉ આ દુર્ઘટનાને ફ્યુઅલ કટ ઓફ સ્વીચ સાથે જોડવામાં આવી હતી અને બે પાઈલટ્સ વચ્ચેની વાતચીતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ફેડરલ દ્વારા કરવામાં આવેલી તપાસમાં નોંધાયું છે કે સ્ટેબિલાઈઝર મોટર અને સંબંધિત ઘટકોએ બોઈંગ ૭૮૭ પર અન્ય મહત્વપૂર્ણ સિસ્ટમો સાથે પાવર અને ડેટા પાથ પણ શેર કર્યા હતા, જેમાં ઈંધણ ટાંકીમાં આગ નિવારણ માટે ફાયર ઈનર્ટર (નાઈટ્રોજન જનરેશન) સિસ્ટમનો સમાવેશ થાય છે. પ્રારંભિક તપાસ અહેવાલ મુજબ, કોકપીટ વોઈસ રેકોર્ડર પર એક પાઈલટ બીજાને પૂછતો સાંભળી શકાય છે કે તેણે એન્જિનને ઈંધણ પુરવઠો કેમ બંધ કર્યો, જેના પર બીજા પાઈલટે જવાબ આપ્યો કે તેણે નથી કર્યો. પ્રારંભિક રીપોર્ટમાં એવો ખુલાસો સામે આવ્યો છે કે વિમાન ઉપડવાના ૪૮ કલાક પહેલા ત્રણ મોટા ઈલેક્ટ્રીક ફોલ્ટ હતા.

# ક્રિકેટર ચેતેશ્વર પુજારાના સાળાએ આપઘાત કરી લેતા ચકચાર મચી

રાજકોટ,તા.૨૬

ભારતીય ક્રિકેટ ટીમના જાણીતા બેટ્સમેન ચેતેશ્વર પૂજારાના સાળા જીત રસિકભાઈ પાબારીએ આપઘાત કરી લેતા ક્રિકેટ જગત અને રાજકોટના વેપારી વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે. જી હા... પૂજારાના સાળાએ અમીન માર્ગ રોડ પર પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો છે. મળતી માહિતી મુજબ, ભારતીય ક્રિકેટ ટીમના જાણીતા બેટ્સમેન ચેતેશ્વર પૂજારાના સાળા જીત રસિકભાઈ પાબારીએ રાજકોટ શહેરના અમીન માર્ગ રોડ પર આવેલા પોતાના નિવાસસ્થાને ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવી દીધું હતું. આ આકસ્મિક અને દુઃખદ ઘટનાના પગલે પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. જીત પાબારીનું નામ થોડા સમય પહેલા જ એક મોટા વિવાદમાં આવ્યું હતું. ગત વર્ષે ૨૬ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ, એક યુવતીએ જીત પાબારી વિરુદ્ધ લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. આ મામલે માલવીયાનગર પોલીસે તાત્કાલિક ધોરણે ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી.

# ભૂપેન્દ્ર પટેલે બંધારણ દિવસ પર ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી

ગાંધીનગર, તા.૨૬

ભારતના બંધારણના નિર્માતા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને યાદ કરતાં આજે ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં બંધારણ દિવસ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

મળતી માહિતી મુજબ આજે સવારે શરૂ થયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ બાબાસાહેબના ચરણોમાં પુષ્પો ચઢાવીને તેમના વિચારો અને બંધારણ નિર્માણમાં આપેલા યોગદાનને વંદન કર્યા હતા. આ



કાર્યક્રમમાં ગાંધીનગર શહેર ભાજપ સંગઠનના અગ્રણીઓ, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીની સાથે શહેર પ્રમુખ, મહામંત્રીઓ અને કાર્યકરો પણ હાજર રહ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા બંધારણ જાગૃતિ અભિયાન અંતર્ગત શહેરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

# કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી આજે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનું નિરીક્ષણ કરશે



સુરત,તા.૨૬

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી ૨૭ નવેમ્બરે ગુજરાતના એક દિવસીય સઘન પ્રવાસે આવી રહ્યા છે, જેમાં તેઓ દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલા મહત્વાકાંક્ષી રોડ પ્રોજેક્ટ્સ, ખાસ કરીને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેની પ્રગતિનું જમીની અને હવાઈ નિરીક્ષણ કરશે. આ પ્રવાસ દરમિયાન મંત્રી કુલ ૩૦૦ કિલોમીટરથી વધુ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસ-વેનું નિરીક્ષણ કરશે, જેમાં NH-૫૩ અને NH-૪૮ના ૧૦૦ કિમીનું રોડ નિરીક્ષણ તેમજ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના ૨૦૦ કિ.મી.નો હેલિકોપ્ટરથી એરિયલ સર્વે સામેલ છે. સ્થાનિકોની મોટી અપેક્ષા છે કે, ગડકરી NH-૪૮ અને એક્સપ્રેસ-વેને જોડતા ઈન્ટરચેન્જની ખામીયુક્ત ડિઝાઈન પર પણ તાત્કાલિક ધ્યાન આપશે, જેથી ભવિષ્યમાં ટ્રાફિક જામની મોટી સમસ્યા ટળી શકે.

# ભરૂચમાં અવાજ ધીમો રાખવાનું કહેતા દુલ્હન, મંગેતર સહિત ત્રણ લોકોએ વૃધ્ધને પતાવી દીધા

ભરૂચ,તા.૨૬

ભરૂચનાં પશ્ચિમ વિસ્તારમાં આવેલા એક ઘરમાં હોમ થિયેટર સાઉન્ડ સિસ્ટમ મોટા અવાજથી વગાડવા મુદ્દે ઘરની સામે રહેતા ૬૨ વર્ષીય વૃદ્ધે અવાજ ઓછો કરવાનું કહેતા દુલ્હન બનનારી યુવતી તથા તેના ભાઈ અને સોસાયટીમાં જ રહેતાં તેના મંગેતરે ભેગા થઈને વૃદ્ધને છાતીનાં ભાગે મુક્કા મારતા, ફેફસા તથા હૃદય ફાટી જતાં શરીરમાં લોહી પ્રસરી જતાં મોત નિપજ્યું હોવાનું સામે આવતા દુલ્હા–દુલ્હન બનનાર અને તેના ભાઈ સામે હત્યાનો ગુનો દાખલ થતાં ધરપકડ કરવામાં આવી છે.














